# પ્રકરણ – 3

# પ્રકરણ – ૩
# લોકસંગીતની વ્યાખ્યા, વિભાવના અને વ્યાવર્તક લક્ષણો

વૈદિક ઋચાઓની જેમ લોકસંગીત પણ અત્યંત પ્રાચીન અને માનવીય સંવેદનાઓનો સહજ ઉદ્ગાર છે, એ લેખિત સ્વરૂપમાં નહીં પરંતુ લોકવાણીનો સહારો લઈને જનમાનસના આધાર થકી આજ સુધી જીવિત છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કહ્યું છે કે ''લોકગીતોમાં ધરતી ગાય છે, પર્વત ગાય છે, નદીઓ ગાય છે, પાક ગાય છે, ઉત્સવ, મેળા અને અન્ય અવસરો પર મધુર કંઠથી લોકસમૂહ લોકગીત ગાય છે.''[૧]

લોકસંગીતએ પ્રકૃતિનો ઉદ્ગારક છે. સાહિત્યની છંદબદ્ધતા અને અલંકારોથી મુક્ત રહીને એ માનવીય સંવેદનાઓના સંવાહકના રૂપમાં માધુર્ય પ્રસરાવીને આપણને તન્મય બનાવી દે છે. લોકસંગીત સામાન્ય માનવની સહજ સંવેદનાઓ સાથે જોડાયેલું છે. લોકસંગીતમાં પ્રાકૃતિક સૌંદર્ય, સુખ-દુઃખને વિભિન્ન સંસ્કારો અને જન્મ-મૃત્યુને ખૂબ જ હૃદયસ્પર્શી ઢંગથી પ્રસ્તુત કરવામાં આવે છે. સંગીતમય પ્રકૃતિ જ્યારે ગણગણાવી ઉઠે છે ત્યારે લોકગીતોની પ્રેરણા જન્મવી સ્વાભાવિક જ છે. વિભિન્ન ઋતુઓના સહજતમ પ્રભાવથી આનંદિત થઈ લોકગીત પ્રકૃતિના રસમાં લીન થઈ જાય છે.

સામાજિકતાને જીવતી રાખવા માટે લોકસંગીત, લોકસંસ્કૃતિઓને જાણવી ખૂબ જરૂરી છે. એવું કહેવાય છે જે સમાજમાં લોકસંગીત નથી ત્યાં પાગલોની સંખ્યા વધારે હોય છે. સદીઓથી દબાયેલા-કચડાયેલા સમાજમાં ખાસ કરીને મહિલાઓ સામાજિક સમસ્યાઓ-અપમાન-ઘરપરિવારને લગતી બાબતો - જીવન સંઘર્ષોને લગતી આપવીતીને અભિવ્યક્ત કરવા માટે લોકસંગીતનો આશરો લે છે. લોકસંગીતમાં કોઈ સમયવિશેષ કે કવિ વિશેની રચના નથી હોતી. અધિકાંશ રચનાઓના કવિ અજ્ઞાત હોય છે. આમ જોવા જઈએ તો એક ગીત તમામ કંઠોમાંથી પસાર થઈ

---

૧. લોકસંગીત - www.wikipedia.org

પૂર્ણ બને છે. ખાસ કરીને મહિલાઓએ લોકસંગીતને જીવતું રાખવાનું મહત્ત્વનું યોગદાન આપ્યું છે. આજે વૈશ્વિકરણની આંધીમાં આપણે આપણી કલાઓને તહસનહસ કરી દીધી છે. આપણી સંસ્કૃતિ ધીમેધીમે ભૂંસાઇ રહી છે. આપણને તે બેકાર અને બિનઉપયોગી લાગવા માંડી છે.

**૩.૧ લોકસંગીતની વ્યાખ્યા :-**

ગુજરાતી વિશ્વકોશમાં લોકસંગીતને એ રીતે વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યું છે કે "લોકસંગીત એટલે એક બૃહત્ સાંસ્કૃતિક ક્ષેત્રમાં સમાવિષ્ટ થતાં લોકો એમના સામાજિક, ધાર્મિક, સંસ્કારવિધિઓ, પર્વો, ઉત્સવો, અનુષ્ઠાન વગેરેમાં જે રચનાઓના ગાન કરે છે, તેનાં ગાયન-વાદનનાં અંગો, પરંપરાથી મેળવેલી ઉપલબ્ધિની આ સંપદા છે."[૨]

ગુજરાતી વિશ્વકોશમાં લોકસંગીતને લોક દ્વારા અને લોક વચ્ચે ગવાતું સંગીત કહ્યું છે. લોકજીવનની સામાજિક, ધાર્મિક સંસ્કાર વિધિઓ, પર્વો, ઉત્સવો, પરંપરાઓની ઉજવણીઓમાં જે રચનાઓનું ગાન થાય છે તેને આપણે 'લોકસંગીત' કહી શકીએ.

ભગવદ્ગોમંડલમાં લોકસંગીતની વ્યાખ્યા આપતા જણાવ્યું છે કે, "લોક એટલે કે જનતા + સંગીત એટલે કે લોકો (જનતા)નું સંગીત દેશી સંગીત; શાસ્ત્રથી અનિયંત્રિત એવું આમ પ્રજાનું સંગીત, લોકસંગીતમાં સાહિત્ય અગ્રસ્થાને હોય છે. તેના ઢાળો માટે રાગના નિયમોનું બંધન હોતું નથી. આ ગીતોમાં સરળ સ્વરો અને તાલોનો ઉપયોગ થાય છે. હાલરડાં, ભજન, રાસ, દુહા વગેરે આપણા લોકસંગીતના વિશિષ્ટ અંગો છે."[૩]

લોકસંગીત શાસ્ત્રોક્ત નથી. તેને કંઇ શાસ્ત્રનું બંધન નથી હોતું. લોકસંગીતએ આમ પ્રજા - સામાન્ય પ્રજાનું સંગીત છે. તેને રાગ-તાલના કોઇ નિયમો હોતા નથી. તેમાં સાદા સ્વરો અને તાલોનો પ્રયોગ થાય છે.

લોકસંગીત એટલે અમુક જાતિ-જ્ઞાતિનું એના ગાયકો દ્વારા ગવાતું કે ગ્રામીણ સમાજમાં પ્રવર્તતું સંગીત એવો સંકુચિત અર્થ થાય છે તે યોગ્ય નથી. લોકસંગીત એટલે માત્ર દુહા, છંદ, દેશીઓ, અષ્ટકો જ નહિ. જનસામાન્ય દ્વારા સર્વસામાન્ય સંગીત, સંસ્કાર અને રસ-રુચિથી જે

---

૨. ઠાકર, ડૉ. ધીરૂભાઇ. ગુજરાતી વિશ્વકોશ, ખંડ-૧૯, સંપાદક, પા.નં. ૧૪૮

૩. ભગવતસિંહજી, ભગવ-દ્ગો-મંડલ, ભાગ-૮, પા.નં. ૭૮૩૨

ગવાય છે તે લોકસંગીતના કુળનું છે. લોકસંગીતની વ્યાખ્યા અતિ સંકુચિત થઈ ગઈ છે. તેનું પુનઃમૂલ્યાંકન થાય તે જરૂરી બન્યું છે. અમુક જાતિ-જ્ઞાતિના સમૂહ દ્વારા કે તેના વ્યવસાયિકો દ્વારા જે પરંપરાગત સંગીત ગવાતું હોય છે તે લોકસંગીતના બૃહત્ વર્ગનો એક ભાગ માત્ર છે. એ સિવાય પણ જનસમુદાયના બૃહદ વર્ગમાં ઘરે ઘર હાલરડાં, સીમંતના ગીતો, વિવાહગીતો, જનોઈગીતો, લગ્નગીતો, રાજિયા-મરશીયા, વાવણી-લણણીનાં ગીતો, મેઘને મનાવવાનાં ગીતો, હોળીગીતો, ફાગ, રાસ, ગરબા, કથાગીતો, ધૂન, ભજન, રમતગમત, સામૂહિક શ્રમકાર્ય દરમ્યાન ગવાતા શ્રમહારીગીતો, લોક-દેવદેવીઓના વિવિધ પ્રકારના સ્તુતિ-સ્તોત્રો, આખ્યાનાદિની દેશીઓના ઢાળ- આ બધાનું કુળ લોકસંગીતનું છે.[૪]

### ૩.૨ લોકસંગીતનો ઉદ્ભવ અને વિકાસ :-

લોકસાહિત્યની જેમ લોકસંગીત પણ લોકવિદ્યામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સંગીતનો અર્થ જ 'સમ્' એટલે 'સારી રીતે', 'ગીત' એટલે 'ગાયેલું'. આમ 'ગીત' એટલે કે વાણીની કલા સાથે સંગીત સંલગ્ન હોય છે, તે ભરત 'નાટ્યશાસ્ત્ર'માં પણ નૃત્ય અને નાટકના સહાનુસ્યૂત અંગ તરીકે જ સંગીતનો વિચાર થયો છે. તેમાં પણ લોકપરંપરાનું સીધું અનુસંધાન છે.

લોકસંગીત અને લોકનૃત્ય માનવની આદિકાળની બોલી કે ભાષા પણ પૂરી શોધાઈ ન હતી ત્યારની ઉપલબ્ધિ છે. ભાષાની શોધ થઈ ત્યારે અને પછી પણ લોકસંગીત વિશેષ સહયોગી અને ઉપયોગી બન્યું. સંગીતની શોધ થઈ ત્યારે પ્રકૃતિએ જ એને સીધી પ્રેરણાના સ્રોત પૂરા પાડ્યા હશે.

સંગીતનો આત્મા નાદ છે. સંગીતને જે જન્મ આપે છે તે નાદ. નાદની સાથે જ સ્વર અને લય બન્ને સંકળાયેલા છે. નાદ ધ્વનિનો નાનામાં નાનો એકમ છે. એની સાથે સમય સંલગ્ન છે. સમયના કે હાલના તત્ત્વનો અમુક રીતે વિનિયોગ થાય ત્યારે તે નાદ નિશ્ચિત અને નિયંત્રિત બને છે અને તેનું વિશિષ્ટ સ્વરૂપ બંધાય છે. નાદમાં આવાં અનેક સિદ્ધ રૂપો પ્રકૃતિમાં સ્થળે સ્થળે પ્રગટ થતાં રહેતા હોય છે. સાગરના મોજાં હવાના સંઘર્ષણમાં આવે અને કાંઠા પરની શિલાઓ પર અથડાય, હવા વેગથી વહેતી હોય અને પર્વતના કોઈ ખંડ કે શિલાની ધાર પરથી કે વૃક્ષનાં પર્ણો પરથી પસાર થાય, પહાડના ઊંડા કોતરો અને ગુફાઓમાં તે ઘૂમરાય, વરસાદની

---

૪. યાજ્ઞિક, હસુ. લોકવિદ્યા પરિચય. પા.નં. ૪૨

ધારા વૃક્ષોના પર્ણ પણ અથડાય કે પર્વતની કે જમીનની શિલાઓ પર પડે – આ બધી જ ક્રિયાઓ – પરિસ્થિતિઓમાંથી વિવિધ ઉત્કટતાવાળા નાદ અને તેમના એકમ દ્વારા વિશિષ્ટ અને વ્યાવર્તક ધ્વનિઓ જન્મે છે. આકાશમાં વાદળો એકબીજા સાથે અથડાય ને વીજળી થાય. જ્વાળામુખીમાંથી વેગથી લાવારસ નીકળી વહેવા લાગે ત્યારે પણ નાદના સંયોજનથી ચિત્રવિચિત્ર ઉત્કટ ધ્વનિઓ ઉત્પન્ન થાય છે. પૃથ્વી પરની જીવસૃષ્ટિના ઉદ્‌ગમ પછી પણ આવી બધી પ્રાકૃતિક ઘટનાઓ ઘટતી રહેતી જોવા મળે છે. માનવજાતે પણ એનો પહેલો અનુભવ કર્યો. સમગ્ર વિશ્વ અને પૃથ્વીનો આદિમ અનુભવ માણસે નાદ દ્વારા પણ કર્યો છે. આમ તો એની દૃષ્ટિ મર્યાદામાં હોય એટલું જ જોઈ શકે છે, પરંતુ નાદ તો ન દેખાતું હોય એટલે દૂરથી આવે તો પણ સાંભળી શકાય. એ ધ્વનિ અદૃશ્ય ને દૃષ્ટિ બહારની કોઈ પ્રાકૃતિક પ્રક્રિયાનો બોધ પણ કરાવે છે. પ્રાણીમાત્રને વિશ્વનો કે પ્રકૃતિનો પોતાની ઉત્પત્તિની સાથે જ જે પહેલો અને કાયમી અનુભવ થયો તે ધ્વનિનો જ થયો. આમાંથી એની કુદરતને જાણવાની શક્તિદૃષ્ટિનો પણ વિકાસ થયો. ધ્વનિ એકમ નાદથી જન્મે અને નાદ બે વસ્તુના સંઘર્ષણથી જન્મે; આ રીતે જ માણસને પ્રકૃતિની સર્વપ્રથમ જાણકારી થઈ. નાદની ઉત્પત્તિ હવાના સંઘર્ષણ દ્વારા થાય છે. બે પદાર્થ ટકરાય ત્યારે એના પ્રાકટ્યને સંપ્રેક્ષણ માટે હવાનું માધ્યમ જોઈએ. આથી જ ભારતીય સંગીતશાસ્ત્ર 'નાદ', 'હવા' અને 'અગ્નિ'ના સંયોજને સિદ્ધ થાય છે, એમ કહેવાય છે.

નાદનું બીજું ઉત્પત્તિસ્થાન જીવમાત્રનું સ્વરતંત્ર, પ્રકૃતિમાં જેટલી હલન ચલન કરી શકે કે એવી જીવસૃષ્ટિનો આરંભ થયો. તેમાં પ્રકૃતિએ શ્વસનતંત્ર અને સ્વરતંત્રની પણ રચના કરી. શ્વસન કરતાં પણ હવા જ લેવા-મૂકવામાં આવે એ હવા લેતા-મૂકતાં નાદ જન્મે. આ ઉપરાંત જે સજીવોમાં સ્વરતંત્ર અને જીભનો વિકાસ થયો એ પોતે સ્વૈચ્છિક રીતે ઇચ્છિત નાદ પેદા કરવા સક્ષમ બન્યા. આ સાહજિક ઉપલબ્ધિ જ એમને એમનાં સુખદુઃખના મનોભાવો વ્યક્ત કરવામાં અને પોતાની ઇચ્છાઓ, આકાંક્ષાઓ અન્યને જણાવવામાં, સંક્રાન્ત કરવામાં સહાયક થઈ. એના નાદમાંથી જ નિશ્ચિત એકમ રચાયા અને ચિત્કારો પણ વિશિષ્ટ અર્થવાહક સંકેતો બન્યા. એ દ્વારા જ પશુ, પક્ષી, કીટક, જલચર, માનવ વગેરે બધા જ સજીવો ધ્વનિ સંકેતો પ્રયોજતા થયા. આવા ધ્વનિસંકેતોને આધારે જ હર્ષ શોકાદિ ભાવો અને દૈહિક આવેગો અને જરૂરતો વ્યક્ત કરતા થયા

અને માનસિક વિભાવોને પણ વાચા આપી શક્યા. સંવેદના માટેના હર્ષશોક, આહ્‌વાનાદિના ચિત્કારો, લલકારો, સંવનન માટેના ધ્વનિસંકેતો (Mating Calls), ભય સામે સાવધાન થવાનું સૂચવતા ધ્વનિસંકેતો, વાત્સલ્ય સૂચક ધ્વનિસંકેતો, આમ વિવિધ ધ્વનિ સંકેતો અસ્તિત્ત્વમાં આવ્યા. આમાંથી જ ધ્વનિમૂલક લોકવિદ્યા (sound lore)નું સ્વરૂપ બંધાયું. માણસે પોતાના સહજસિદ્ધ 'સાઉન્ડ લોર'માં કુદરતના અને જીવસૃષ્ટિના વિવિધ નાદ સિદ્ધ કર્યા ને એમાંથી જ એના સંગીત અને બોલી બંને સિદ્ધ થયાં. પ્રકૃતિમાંથી અને સજીવસૃષ્ટિમાંથી માણસને જે વિવિધ ધ્વનિ એકમો મળ્યા અને પોતાના ગળામાં અનુકરણ કરીને એમને સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે માણસને એમાંથી નાદ પેદા કરવાનું અને તેની ઊંચાઈ-ઉત્કટતા વધારવા-ઘટાડવાનું કૌશલ્ય પ્રાપ્ત કર્યું.

બીજા પ્રાણીઓનું જીવનકાર્ય એટલેથી પૂર્ણ થયું. પરંતુ માણસે બુદ્ધિશાળી તર્કો કરીને તેમજ બીજાનું અનુકરણ કરીને પોતાનું સહજસિદ્ધ કૌશલ્ય આગળ વધાર્યું. સિંહની ગર્જના, વાઘની ઘુરઘુરાટી, શિયાળની લાળી, કોયલનો ટહુકો, મોરનો કેરારવ, હાથીની ચીસ વગેરે ધ્વનિ એકમોના સ્વરૂપો એવા છે કે જેમાં નિશ્ચિત આંદોલન સંખ્યા ધરાવતો નિયંત્રિત નાદ નિશ્ચિત ઊંચાઈએ પહોંચીને પાછો ફરે છે. આમાંથી જ માણસને શ્રુતિ અને સ્વર મળ્યા. એક નિશ્ચિત ઊંચાઈએ સ્થિર નાદને દોઢગણો ઊંચો લઈ જઈ પંચમ અને બમણો ઊંચો લઈ જઈ અનુગામી સપ્તકનો આરંભ સિદ્ધ થયો. માણસ જ્યારે વિવિધ પ્રકારના વાદ્ય બનાવતો થયો ત્યારે એને સ્થિર નાદને નિશ્ચિત ગતિએ નિશ્ચિત સ્થાને પહોંચાડતી વચ્ચે જે વિવિધ શ્રુતિઓ અને તેના પરના સ્વરો આવે છે તેની જાણકારી મળી અને એને આધારે જ માણસ ગાતો-વગાડતો થયો અને લોકસંગીત અસ્તિત્વમાં આવ્યું.

ભાષાની સિદ્ધિ તથા સભ્યતા અને સંસ્કૃતિના વિકાસની સાથે જ આદિમકાળે જન્મેલી અને સિદ્ધ થયેલી લોકવિદ્યા લોકસંગીતનું સ્વરૂપ પામી. વ્યક્તિનિષ્ઠ સૂઝ શક્તિઓ જ સમૂહમાં પ્રયોજાતી થતાં એની પરંપરા જ લોકવિદ્યા સિદ્ધ કરે છે.

બોલીમાં જેમ શબ્દો સાથે અર્થ આવ્યા અને તેની અર્થવાહકતા ઊભી થઈ તેમ માણસે સિદ્ધ કરેલા સંગીતમાં પણ એવી જ અર્થવાહકતા ઊભી થઈ. એમાં અમુક અમુક સ્વરજૂથોના પણ

વિશિષ્ટ એવા ભાવઅર્થો પ્રગટ થયા. જેમ જેમ સભ્યતા અને સંસ્કૃતિનો વિકાસ થતો ગયો અને માણસે પોતાનો સમાજ ઊભો કર્યો, તેમ તેવી સામાજિકતાનું ઘડતર કરવા માટેના વયના તબક્કાઓ પ્રમાણે જન્મ, નામકરણ, વિદ્યાગ્રહણ, લગ્ન, મૃત્યુ વગેરેની સંસ્કારવિધિઓ પણ અસ્તિત્વમાં આવતી ગઇ. જાતિના વીરની કીર્તિ ગાથાઓ ગવાતી થઇ. વીરના બદિદાનની બિરદાવલીઓ ગવાતી થઇ, વિવિધ કુલદેવ-કુલદેવી, ગ્રામદેવ-ગ્રામદેવી, લોકદેવ-લોકદેવી, ધર્મપંથના મુખ્ય દેવ-દેવી વગેરેના પૂજન-અર્ચન થતાં ગયાં અને તેવી વિધવિધ રચનાઓ ગવાતી થઇ તેમ તેમ ગાનપરંપરા પણ વિકસતી ગઇ અને તેનું 'લોર' ઘડાયું. પરંપરાગત અર્થ અને ભાવ સિદ્ધ થયા, નવા નવા ઢાળ મળ્યા, તાલ મળ્યા અને લોકસંગીતનો વિકાસ થતો ગયો.

### ૩.૩ લોકસંગીતના લક્ષણો :-

લોકસંગીતનું વર્ગીકરણ રાષ્ટ્ર, પ્રદેશ, જાતિ, પ્રવર્તનક્ષેત્ર વગેરેના આધારે કરવામાં આવે છે. વિશ્વના લોકસંગીતને રાષ્ટ્રના ધોરણે વર્ગીકૃત કરવામાં આવે છે અને તેના અંગ્રેજ, ફ્રેન્ચ, જર્મન, રશિયન, અરબ, ઈરાની, આફ્રિકન, ભારતીય, ચીની અને જાપાની લોકસંગીત જેવા વર્ગો જોઇ શકાય છે. આવા વર્ગને પછીના તબક્કે પ્રદેશ અને જાતિના ધોરણે વર્ગીકૃત કરાય છે. આ લોકસંગીતનો હેતુ લોકોત્સવનો-મનોરંજનનો છે. સંસ્કારવિધિની ઉજવણીનો છે, ધાર્મિક અનુષ્ઠાનનો છે. એ ધોરણોને દૃષ્ટિમાં રાખીને લોકસંગીતના પ્રવર્તન-હેતુની દૃષ્ટિએ પણ વર્ગીકૃત કરી શકાય છે. આ પ્રકારનું વર્ગીકરણ અભ્યાસ માટે ઉપયોગી છે.

લોકસંગીતના આવા વર્ગો અને પેટાવર્ગોના મુખ્ય લક્ષણો દૃષ્ટિમાં રાખવાથી સ્વરૂપગત લક્ષણોનો અભ્યાસ વધારે સ્પષ્ટ અને સઘન બને છે. જોકે કોઇપણ કલાનું કોઇ એક ધોરણે કરેલું વર્ગીકરણ ક્યારેય સંપૂર્ણ કે તર્કબદ્ધ હોતું નથી. કલા પોતે જ એક અતિવ્યાપ્ત સંકુલ ઘટના છે. આથી કોઇ એક વર્ગમાં સમાવિષ્ટ કરીને તેનો બીજા અલગ પડાયેલા વર્ગની સાથે પણ કેટલોક સંબંધ રહે એવું બનવાનું. આ બાબત ધ્યાનમાં રાખી જ લોકસંગીતનું વર્ગીકરણ કરવું ઉચિત છે. રાષ્ટ્ર, પ્રદેશ, જાતિ અને પ્રવર્તનહેતુ જેવા ધોરણોને ભૂલી જઇ કેવળ સંગીતના સ્વરૂપ-પ્રકારને જ ધ્યાનમાં રાખીને લોકસંગીતના કંઠ્યસંગીત અને વાદ્યસંગીત એવા બે પ્રકાર કે વર્ગ છે. આવા સાહજિક વર્ગીકરણથી જ લોકસંગીતના આંતરવાદ્ય સ્વરૂપને એના મુખ્ય લક્ષણોને જાણવામાં સહાય મળે છે.

ગુજરાતના લોકસંગીતનો વિચાર કરતા એ સ્પષ્ટતયા ભારતીય લોકસંગીતના કુળના એક અંગરૂપ જણાય છે. ભારતીય સંગીતના મુખ્ય કુળને એશિયન લોકસંગીત સાથે સંબંધ છે અને આર્ય અને દ્રવિડ એવી બે જાતિ - પરંપરાઓમાંથી ભારતનું લોકસંગીત સિદ્ધ થયું છે એમ માનવામાં આવે છે. ભારતીય આર્યધારા સાથે સંબદ્ધ લોકસંગીત યુરોપીય આર્ટ લોકસંગીતની શાખા છે. વળી આ ભારતીય અને પાશ્ચાત્ય લોકસંગીત સાથે પણ સામ્ય ધરાવે છે. સ્વર અને તાલમાં તથા સ્વરલગાવ અને સ્વરને સૌંદર્યમડિત કરવાની, ભાવાનુસારી રૂપમાં પ્રયોજવાની પદ્ધતિમાં યુરોપના અને ભારતના લોકસંગીત અને શાસ્ત્રીય સંગીત વચ્ચે કેટલુંક સમાન તત્ત્વ છે.

લોકસંગીતના સર્વસામાન્ય લક્ષણો આ પ્રમાણે છે.[૫]

(૧) લોકની પરંપરામાં જ જન્મેલું અને વિકસેલું સંગીત છે.

(૨) 'લોર' તરીકે એનો સંબંધ લોકજીવન સાથે પ્રત્યક્ષ અને પ્રગટ રૂપનો છે.

(૩) લોકજીવનના વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક અને ધાર્મિક પ્રકારની સંસ્કારવિધિ તેમજ ધાર્મિક ઉત્સવ-પર્વાદિ પ્રસંગે તથા રોજિંદા કે ઋતુગત જીવનવ્યવહારમાં અનાજ દળવા-ખાંડવા જેવા વ્યક્તિગત અથવા સડક બાંધવાના, મકાનના ધાબા ભરવાનાં, પ્લાસ્ટર કરવાના, ભારે વજન ઊંચકવાના, મચ્છી પકડવાના, વહાણ-હોડીને હલેસાં મારવાનાં, એવા વિવિધ પ્રકારનાં સામૂહિક શ્રમકાર્યો કરતાં જે ગીતો ગવાય છે તેની સાથે તે સંલગ્ન છે. સીમંત, નામકરણ, વિવાહ, ઉપવીત, લગ્ન, મૃત્યુ વગેરેના સંસ્કારવિધિઓમાં ગવાતાં ગીતો સાથે સંકળાયેલં હોઈ એ વિધિઓના જ ભાગ બની રહે છે. વળી, વ્યક્તિજીવનના બાલ્યાવસ્થાથી આરંભાતા ઉંમરના વિવિધ તબક્કામાં હાલરડાં, રમત-ગમત, ગીત, વ્રત-ઉખાણાં, રાસ-ગરબા વગેરે સાથે તે જોડાયેલું છે.

(૪) એનો સંબંધ લોકનૃત્ય સાથે પણ પ્રગટ કે પ્રત્યક્ષ રૂપનો છે.

(૫) 'લોક' રૂપે હોવાથી એના ગાન માટે ઔપચારિક તાલીમ, શિક્ષણ લેવાનું સામાન્યરીતે અનિવાર્ય દેખાતું નથી. સહભાગી બની અનુકરણથી લોકસંગીતમાં ગાયક-વાદક જોડાઈ શકે છે.

---

૫. જાની, ડૉ. બળવંત. લોકગીત : તત્ત્વ અને તંત્ર. સંપાદક : ગુજરાત સાહિત્ય અકાદમી, પા.નં. ૫

(૬) કોઈને ખુશ કરીને શાબાશી કે પુરસ્કાર લેવા માટે લોકસંગીત હોતું નથી. તે તો નિજાનંદ માટે અને પ્રસંગ કે વિધિના ભાગરૂપે જ રજૂ થતું હોય છે.

(૭) મૂળભૂત રૂપનું લોકસંગીત સર્વસામાન્ય એવા લોકવર્ગનું અંગ છે અને તે ઘરે ઘરમાં ગવાય છે. આ એનું મૂળભૂત કે પૂર્વ કે તાત્ત્વિક રૂપ છે. એને જ પછી પરિષ્કૃત રૂપમાં વ્યાવસાયિકો મનોરંજન માટે ઉપયોગમાં લે છે. જે તેનું દ્વૈતીયીક રૂપ બને છે. આ બીજી ભૂમિકામાં લોકસંગીત તરીકેનું તેનું સ્વરૂપ પૂરું જળવાય છે. પરંતુ એ કળાકીય સંપ્રજ્ઞતા સાથે રજૂ થાય છે અને તે પ્રાસંગિક મનોરંજનના સાધનરૂપ બની રહે છે.

(૮) પ્રકૃતિ અને લોકસંસ્કૃતિ સાથે આ લોકસંગીતનો સીધો સંબંધ છે. વનવાસી અને ગ્રામીણ પરંપરાઓમાં એનું સવિશેષ સ્થાન છે. પરંતુ નગરજીવનમાં પણ તે લુપ્ત કે અપ્રચલિત તો નથી જ. નાગરિક જીવન અને શિક્ષિત જીવનમાં એનું સ્વરૂપ થોડું બદલાય છે અને પ્રકૃતિ સાથેનો સીધો સંબંધ ઓછો થાય છે. નગરજીવનના 'લોર'માં એની મૂળ પરંપરામાં પ્રશિષ્ટ ધારાનું પણ બીજું નવું, વધારાનું અને કૃત્રિમ કલાતત્ત્વ ઉમેરાય છે. નગરજીવનમાં પણ તે જનસામાન્ય દ્વારા વ્યાપકપણે ગવાય છે. તેનું સ્વરૂપ ભલે બદલાયેલું હોય પણ તે કહેવાય તો લોકસંગીત જ છે. ક્યારેક આવા સંગીત પર નાટકના અને ફિલ્મના સંગીતની પણ અસર થાય છે. પ્રશિટ ધારાઓમાં જ જેના સ્વરૂપ બંધાય છે એ પોપ મ્યુઝિક, ફ્યુજન મ્યુઝિકમાં પણ ફોક મ્યુઝિકના જ અંશો વરતાતા હોય છે.

## ૩.૪ ભારતીય લોકસંગીતના લક્ષણો :-

શ્રી હસુ યાજ્ઞિક તેમના પુસ્તક 'લોકવિદ્યા પરિચય'માં આપણા ભારતીય લોકસંગીતના કેટલાક લક્ષણો આ પ્રમાણે વર્ણવે છે.[૬]

(૧) ભારતીય લોકસંગીતનું જે વર્તમાન સ્વરૂપ છે તેના પર શાસ્ત્રીય રાગદારી સંગીતની સ્પષ્ટ અસર જોવા મળે છે. આપણા કોઈપણ પ્રદેશના લોકસંગીતમાં સારંગ, દેશ, ભૂપાલી, ભીમપલાસી, ધાની, ધનાશ્રી, જયજયવંતી, શિવરંજની, પહાડી, ખમાજ, બિલાવલ, ભૈરવ, ભૈરવી વગેરે જેવા રાગોની અસર જોઈ શકાય છે.

૬. યાજ્ઞિક, હસુ. લોકવિદ્યા પરિચય – પા.નં. ૪૫

(૨) ભારતીય લોકસંગીતની બીજી વિશેષતા તેનો તાલ છે. ભારતીય લોકસંગીતમાં ત્રણ, ચાર, છ, સાત, આઠ, બાર, ચૌદ અને સોળ માત્રાના તાલ પ્રયોજાય છે. આમાં હીંચ, દાદરા, કેરવા જેવા નાના ત્રણ-ત્રણ માત્રાના, કેરવા જેવા ચાર કે આઠ માત્રના રૂપક જેવા સાત માત્રાના, એકતાલ જેવા બાર માત્રાના, દિપચંદી જેવા ચૌદ માત્રાના અને ત્રિતાલ જેવા સોળ માત્રાના તાલોનો સમાવેશ થાય છે. હીંચ, દાદરા કે કેરવા ભારતીય લોકસંગીતમાં વિશેષ અને સાર્વત્રિકરૂપમાં પ્રચલિત છે.

(૩) લય ભારતીય લોકસંગીતની ત્રીજી વિશેષતા-લક્ષણ છે. લોકસંગીતમાં લય વિશેષ સ્થાન ધરાવે છે. લોકસંગીતમાં તે સવિશેષ જીવંત હોય છે. નૃત્ય કરતા કે બાળકને હીંચોળતા, પાક લણતાં, અનાજ ખાંડતા અને દળતાં, વ્યક્તિગત કે સામૂહિક રીતે શ્રમનું કાર્ય કરતાં કરતાં વિવિધ લયમાં સંગીત ગવાતું હોય છે.

(૪) વ્યક્તિગત ગાન તેમજ દ્વન્દ્વગાન પણ લોકસંગીતની એક વિશેષતા છે. હાલરડાં, અનાજ દળતાં, ખાંડતા, ઝાટકતા ગવાતા ગીતો, વનવગડાના એકાંતે ગવાતા દુહા-છંદ, ભરથરી, નાથબાવા વગેરે દ્વારા રાવણ હથ્થા પર ગવાતા રાસડા-કથાગીતો વગેરે લોકસંગીતના વ્યક્તિગાનના પ્રકારો છે. જ્યારે ધાર્મિક અનુષ્ઠાન અને સંસ્કારવિધિઓ, ઉત્સવો અને પર્વોના સમયે ગવાતા ગીતો, લણણી, વાવણી વગેરે કૃષિકાર્ય કરતાં ગવાતી રચનાઓ, ખાણ ખોદતાં, પથ્થર ઊંચકતા, ધાબુ ભરતાં, પ્લાસ્ટર કરતાં ગવાતાં ગીતો વગેરે લોકસંગીતની સંઘગાનના પ્રકારો છે.

(૫) લોકસંગીતનું પાંચમું લક્ષણ તેના વાદ્યો છે. શરણાઈ અને ઢોળ માંગલિક વાદ્યો છે. એના વાદનથી અનિષ્ટ તત્ત્વો દૂર રહે છે અને શુભ દૈવીતત્ત્વોનું આગમન થાય છે તેમ મનાય છે. વાદ્ય સાથે દેવસ્વરૂપ અને પુરાકલ્પન સંકળાયેલાં હોય છે. શંખ વિષ્ણુનું, ડમરું શિવનું, વીણા સરસ્વતિનું, બંસી શ્રીકૃષ્ણનું વાદ્ય મનાય છે.

(૬) ભારતીય લોકસંગીતનાં કેટલાક વાદ્ય કેટલીક આગવી-અપૂર્ણ લાક્ષણિકતાઓ ધરાવે છે. શિવજીના વાદ્ય ડમરુમાંથી સ્વર-વ્યંજન જન્મ્યા એવું મનાય છે. ભગવાન શંકરને પ્રસન્ન કરવા માટે રાવણે પોતાના આંતરડાનું વાદ્ય બનાવ્યું તેવી રાવણ-હથ્થાની ઉત્પત્તિની કથા દશમી સદીના ગ્રંથમાં મળે છે. ભારતીય લોકસંગીતમાં કેટલાક વાદ્યો ભારત-યુરોપીય કાળ

અને જાતિનાં છે, તો કેટલાક આદિમકાળના-વનવાસી જીવનકાળનાં છે. શિંગડું ભારત-યુરોપીય વાદ્ય છે, યુરોપમાં પણ 'હોર્ન' વાદ્ય છે. સારંગીકુલના વાદ્યો પ્રાચીનતમ વનવાસી જીવનકાળમાં લોકવાદ્યોમાંથી વિકસ્યાં છે. આંધ્રપ્રદેશના આદિવાસી વિસ્તારોમાં કચ્છ, સૌરાષ્ટ્ર, રાજસ્થાનમાં મુખઅંગ પ્રચારમાં છે. ગોળ વાળેલી ધાતુની પતરીની વચ્ચે ધ્રુજારી કરતી પતરી આ વાદ્યમાં હોય છે અને મોંના ગલોફાના પોલાણમાં ગોઠવીને તેની છૂટી પતરીને છેડીને વગાડતાં ટ્યાંઉં... ટ્યાંઉં.... એવો ધ્વનિ નીકળે છે, તે તાલની સાથે સાથે આંદોલિત સ્વર અને મીંડ પણ આપે છે. આને મળતું જ તાલવાદ્ય બંગાળમાં પ્રચલિત છે, તેને ટુનટુનિયું કહેવાય છે.

ગુજરાતના લોકસંગીતમાં પણ ઉપર દર્શાવ્યા પ્રમાણે ભારતીય લોકસંગીતના લગભગ બધા જ મુખ્યલક્ષણો જોવા મળે છે.

**૩.૫ ઉત્તર ગુજરાતના લોકસંગીતના મુખ્ય લક્ષણો :-**

ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાઓના ભોગોલિક વિસ્તારમાં આવેલા જુદા-જુદા પંથકોને પરંપરાથી જુદા-જુદા નામોથી ઓળખવામાં આવે છે. જેમકે - પાટણ આસપાસનો પાટણવાડો, બહેચરાજી આજુબાજુનો ચુવાળ, ખેરાલુથી ઉત્તર આવેલો ગઢવાડો, દાંતાની આસપાસનો દાંતોર, પાલનપુર-વડગામ વચ્ચેનો પ્રદેશ તે ધાંધાર (ધાન્ધાર), સમી-હારીજ આસપાસનો વઢિયાર, થરા-શિહોરી આસપાસનો કાંકરેજ, કડી-કલોલનો કેટલોક ભાગ ખાખરિયા ટપ્પો, ઈડર-વડાલી આસપાસનો દેહ કે દેહપ્રદેશ, તો રાધનપુરથી પશ્ચિમનો પ્રદેશ વાગડ કહેવાય છે. આમ, ઉત્તર ગુજરાતના વિવિધ પંથકોને પરંપરાથી પોતપોતાના વિશિષ્ટ નામો છે. લોકગીત, લોકકથા કે લોકપરંપરાની તમામ સામગ્રીમાં જે તે પંથકો કે પ્રદેશોમાં તેના પરંપરાગત નામોથી ઓળખાય છે, ગવાય છે અને કથાય છે. જુદા-જુદા પંથકોમાં વસતા લોકો ખાન-પાન, રીત-રિવાજ, પહેરવેશ, ખાસિયતો, બોલી અને પોતાના ઘરના ભૌતિક રાચરચીલાની સામગ્રીમાં પણ થોડી થોડી ભિન્નતા જોવા મળે છે. તેમજ જુદા-જુદા પંથકોનાં ભૂપૃષ્ઠ, પ્રકૃતિ વૃક્ષો, વેલાઓ અને હવામાનમાં પણ થોડી થોડી ભિન્નતા જોવા મળે છે. ઉત્તર ગુજરાતના લોકસંગીતનો અભ્યાસ કરતાં તેના લક્ષણો આ રીતે બતાવી શકાય છે.

(૧) ઉત્તર ગુજરાતનું લોકસંગીત સ્વરૂપ દષ્ટિએ અને વિષય દષ્ટિએ ખૂબ વૈવિધ્ય ધરાવે છે. સ્વરૂપની દષ્ટિએ આનર્તના લોકગીતો લોકાખ્યાનથી માંડીને નાનાં જોડકણાં સુધીના અનેકવિધ પ્રકારે ગવાતાં - સાંભળવા મળે છે. જેવા કે - લોકાખ્યાન, રાસડા (કથાગીત-ગીતકથાઓ) ગરબા-ગરબી, હાલરડાં, ફટાણાં, તિથિઓ, મહિનાઓ, બારમાસા, જોડકણાં, રમત-ગીતો, સલોકા, રામગીતો કે કોશગીતો, મરશિયા વગેરે છે. વિષય વૈવિધ્ય પારંપરિક જોવા મળે છે. વિષય વૈવિધ્યની દષ્ટિએ પ્રકૃતિ, જગત બ્રહ્માંડ, નક્ષત્રો, સૂર્ય, ચંદ્ર, તારા, વૃક્ષો, બેલાઓ, વનસ્પતિઓ, ભૂપૃષ્ઠ, ઈશ્વર, દેવ, દેવીઓ, પશુ, પંખીઓ, માનવસર્જિત ભૌતિક પદાર્થો, વ્યક્તિઓના વિવિધ સંબંધો કેટકેટલાય વિષયો ઉત્તર ગુજરાતના લોકસંગીતમાં જોવા મળે છે.

(૨) ઉત્તર ગુજરાતમાંથી અનેક જ્ઞાતિઓએ ગુજરાતના ખૂણે ખૂણે કાળક્રમે વિવિધ કારણોસર સ્થળાંતર કર્યું છે. આ કારણે ઉત્તર ગુજરાતમાંથી ગીતો, કથાઓ અને પરંપરાઓ સમગ્ર ગુજરાતમાં વિસ્તરી છે તે કહેવું અતિશયોક્તિભર્યું નથી. આના પૂરાવા જોઈએ તો સમગ્ર ગુજરાતની જુદી-જુદી જ્ઞાતિઓના કુળદેવી અને કુળદેવતાઓના સ્થાપકો ઉત્તર ગુજરાતમાં આવેલા છે. કડવા પાટીદારોનાં કુળદેવી ઉમિયા માતાજી ઊંઝામાં, નાગર જ્ઞાતિના કુળદેવતા હાટકેશ્વર-વડનગરમાં, મોઢ વાણિયા, મોઢ પટેલો અને મોઢ બ્રાહ્મણોના કુળદેવી મોઢેશ્વરી માતા-મોઢેરામાં, વાયડા બ્રાહ્મણો, વાયડા વાણિયા, વાયડા પંચાલોના કુળદેવી વાયડેશ્વરી માતા વાયડ ગામે, સૌરાષ્ટ્રમાં વસતા કનોડિયા બ્રાહ્મણનાં કુળદેવી બહુસ્મરણા માતા કનોડા (તા. ચાણસ્મા) તો ઔદિચ્ય બ્રાહ્મણોના બોકરવાડામાં આવેલા છે, તો ચારણો કે ગઢવીઓ પણ રાજસ્થાનમાંથી ઉત્તર ગુજરાતમાં પ્રવેશ્યા છે. સ્થળાંતર કરતી આ પ્રજા પોતાની સાથે માત્ર ઘરવખરી, સરસામાન કે ઢોર ઢાંખર જ લઈ જતી હતી, પરંતુ તે તો પોતાની સાથે પોતાની માનતાઓ, તહેવારો, પરંપરાઓ, ઉત્સવો, ગીતો, મેળાઓ, કથાઓ, પોશાકો - ઘણું બધું પોતાની સાથે લઈ જતી હતી. આ કારણે ઉત્તર ગુજરાત એ સમગ્ર ગુજરાતની લોકસંસ્કૃતિનું પિયર છે તેમ કહીએ તો ખોટું નથી.

(૩) ઉત્તર ગુજરાતના લોકસંગીતનું એક લક્ષણ એવું છે કે એમાં ગીતનો તત્કાળ આરંભ થતો જોવા મળે છે અને એમાં ધસમસતો વેગ પણ હોય છે.

(૪) ઉત્તર ગુજરાતના લોકસંગીતમાં વધારે આવર્તનો, ધ્રુવ કે ટેક પંક્તિઓના પુનરાવર્તનનો, વર્ણનોની પુનરાવૃત્તિ વગેરે જોવા મળે છે.

(૫) તેમાં લાઘવ, સરળતા, ગેયતા, સ્વાભાવિકતા અને પ્રકૃતિ સાથેનું તદાત્મ્ય જેવાં તત્ત્વોની અનિવાર્ય જરૂરિયાત છે.

(૬) લોકધૂનોમાં લયની વિવિધતાઓ જોવા મળે છે. ઘણા લોકગીતો - તાલ સાથે તો ઘણા તાલ વગર પણ ગવાય છે.

(૭) ઉત્તર ગુજરાતના લોકસંગીતની લોકધૂનો સરળ, મધુર ને સાથે સાથે કાકૂઓ અને સ્વર સંગતિઓનો પ્રયોગથી પ્રાદેશિક ઓળખને વધુ સારી બનાવે છે.

(૮) ઉત્તર ગુજરાતનું લોકસંગીત ખાસ કરીને ‘સારંગ, માંડ, ભૈરવી, પહાડી, પિલુ, દેશ, કાફી વગેરે રાગોમાં નિબધ્ધ થયેલું જોવા મળે છે. ઘણીવાર એક ગીતમાં બે કે તેથી વધુ રાગોનું મિશ્રણ પણ જોવા મળે છે.

(૯) લોકગીતમાં તેની મૂળભૂત લય હોય છે. ઉત્તર ગુજરાતના લોક સંગીતમાં પણ તે મૂળ સ્વરૂપે જોવા મળે છે પરંતુ તેના પ્રસ્તુતિની રીતમાં થોડો ફરક જોવા મળે છે. તાલ દિપચંદીનો ઉપયોગ લગ્ન પ્રસંગે ગવાતા ગીતોમાં જોવા મળે છે. ગરબા, રાસ અને રાસડા (ઉલાળીયો) માટે તાલ હીંચ. કહેરવા અને ઉલાળીઓ એ લોકનૃત્ય છે. ઉલાળીયો એ ટેટુડા તરીકે પણ ઓળખાય છે. ઉત્તર ગુજરાતના લોકગીતોમાં ગીતોની લય, તાલ અને ઢાળમાં તફાવત જોવા મળે છે.

તાલ : ઉલાળીઓ - ૮ માત્રા

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ધીં | નાના | ધીં | તા | તીં | નાના | તીં | તા |
| × | | | | ૦ | | | |

આ તાલની ચાર માત્રાને પણ રીપીટ કરીને માત્ર તાલીના ભાગને વગાડવામાં આવે છે. ખાલી લેવામાં આવતી નથી.

તાલ : હીંચ, માત્રા - ૬

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ધીં | નક | તક | તીં | નક | તક |
| × | | | ૦ | | |

આમાં પણ માત્ર તાલીનો ભાગ વગાડીને પણ હીંચ વગાડવામાં આવે છે. ઘણા ગીતોમાં ખાલીનો પ્રયોગ કરવામાં આવતો નથી.

**૩.૬ લોકવાદ્ય :-**

લોકસંગીતના વાદ્યોનો ઉદ્ભવ અને વિકાસ આદિમ કાળના વન્ય જીવનમાં જ થયો છે. એની શોધમાં માણસને પ્રકૃતિનો નિકટનો પરિચય જ કામમાં આવ્યો છે. પ્રકૃતિમાં જ માણસે વિવિધ નાદ અને લયનો અનુભવ કર્યો તેનાથી કાળક્રમે એને સમજાયું કે વહેતી હવા જ્યારે કોઈ ધાર પાસેથી પસાર થઈને વહેવા લાગે કે રણકતા પદાર્થો એકબીજા સાથે ટકરાય, ત્યારે વિવિધ પ્રકારના નાદ જન્મે છે. વન્યજીવનમાં જ માણસ પોતાના શરીરના અવયવો ઉપરાંત બીજા પ્રાકૃતિક પદાર્થોનો પણ સાધન તરીકે ઉપયોગ કરતો થયો અને એમાંથી ઉપયોગનાં સાધનો ઓજારો પણ બનાવતો થયો. સભ્યતાના વિકાસની સાથે માણસ ટોળીમાં, વાસમાં, ગામમાં અને નગરમાં વસતો થયો અને એની લોકવિદ્યાનો વિકાસ થયો તેમ તેમ વાદ્યનું નિર્માણ કરવાની તેની કુનેહ પણ વિકસતી ચાલી અને અવનવા વાદ્યોનું નિર્માણ શક્ય બન્યું.

શંખ જેવા સાધનમાં તો માણસને કુદરતે જ નિર્માણ કરેલું વાદ્ય મળ્યું. હાડકાંની પોલી નળી અને મૃત પશુના શિંગડામાંથી હવા ફૂંકીને વગાડવાનાં વાદ્યોનો જન્મ થયો. માણસ દ્વારા વાદ્ય બનાવવાની કુનેહનું પહેલું પરિણામ વાંસળી છે, માણસે જોયું હશે કે વાંસ જ્યારે સુકાય છે અને જીવ-જંતુઓએ કોરેલાં જુદા-જુદા છિદ્રોમાંથી જ્યારે હવા પસાર થતી હશે ત્યારે જુદી જુદી ઉત્કટતા ધરાવતા નાદ નીકળ્યા હશે અને એમાંથી વાંસળી બનાવવાની પ્રેરણા મળી અને એ પ્રાથમિક ગાળામાં જ વાદ્ય તરીકે સિદ્ધ થયું.

વાદ્યના વર્ગીકરણ પ્રમાણે લોકવાદ્યોનો અભ્યાસ કરીને લોકવાદ્યોને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

(૧) તંતુવાદ્ય : એકતારો-રામસાગર, તંબૂર, રાવણહથ્થો, જંતર, દેશી સિતાર

(૨) સુષિર વાદ્ય : પાવો, જોડીયા, પાવા, બંસી, શરણાઈ, શંખ, શીંગી, ભૂંગાળ, મદરીની મોરલી વગેરે

(૩) અવનદ્ધ વાદ્ય : ઢોલ, ઢોલક, ડાક, ડમરૂ, નગારું...

(૪) ઘન વાદ્ય : મંજીરા, ઝાંઝ, કરતાલ, દાંડિયા, ઝાલર, ઘંટ વગેરે

**૩.૬.૧ તંતુવાદ્ય :-**

તંતુવાદ્ય એ વાદ્યના વિકાસનો બીજો તબક્કો છે. આની શોધ અને આરંભ વન્ય જીવન અને શિકાર સાથે સંબંધ ધરાવે છે. શિકાર માટે માણસે હાથમાં પકડેલા ધનુષ્ય-બાણમાંથી તંતુવાદ્યની શરૂઆત થઈ એમ માની શકાય. બાણ છોડવા માટે ધનુષ્યની તાંગ તંગ થાય છે ત્યારે તેને છેડતાં વિશિષ્ટ પ્રકારનો રણકતો ઉત્કટનાદ પ્રગટે છે અને તાંત ધ્રુજીને મૂળ સ્થિતિમાં આવે છે ત્યારે એ નાદની શ્રુતિ નીચે આવી જાય છે. આ નિયમ જાણમાં આવ્યો હશે ત્યારે ધ્વનિનું ગુંજન થઈ અવાજ પડઘાઈને મોટો બને એ માટેનું પાત્ર મૂકવામાં આવ્યું અને તુંબડાનો ઉપયોગ કરીને નાના અવાજોને ગુંજતો - પડઘાતો કરી શકાયો હશે અને આમાંથી જ તંતુવાદ્યના નિર્માણની નવી દિશા ખૂલી.

ધનુષ્યમાંથી જ તંતુવાદ્યનો વિકાસ થયો. ભારતના કેટલાક આદિવાસી વિસ્તારોમાં આજે પણ મોટા ધનુષ્યને નાના ધનુષ્યને તંતુવાદ્યની જેમ વગાડાય છે. 'ધ વૉઈસ ઓન ધ સારંગી, ઈલસ્ટ્રેટેડ હિસ્ટરી ઓવ્ બોઈંગ ઈન ઈન્ડીયા' પુસ્તકમાં જોએથ બોરે આવા વાદ્યની સચિત્ર માહિતી આપી છે. ભારતીય સંગીત શાસ્ત્રમાં વીણાના વિવિધ પ્રકારો દર્શાવ્યા છે. તેમાંનો એક પ્રકાર પિનાકી વીણાનો પણ છે. પિનાક એ ભગવાન શિવના ધનુષ્યનું નામ છે. આમ, ધનુષ્યની તાંત જ વીણાકુળના તંતુવાદ્યોની જનક છે.

ગુજરાતના લોકસંગીતમાં તંતુવાદ્યો અને તેના વિવિધ સ્વરૂપો વિશેષ પ્રચારમાં રહ્યા છે. તંતુવાદ્યને બે રીતે છેડવામાં આવે છે. એક એના પર ગજ ચલાવીને અને બીજુ એના પર આઘાત કરીને અને તેથી તંતુવાદ્યના તત્‌વાદ્ય અને વિતત્‌વાદ્ય એવા બે પ્રકારો થયા. પશ્ચિમના દેશોમાં તેને સ્ટ્રોક ઈન્સ્ટ્રુમેન્ટ અને લૉ-ઈન્સ્ટ્રુમેન્ટ કહ્યા છે. તત્‌વાદ્યમાં આંગળીથી કે નાળિયેરની

કાચલી, ધાતુની પતરી કે મિજરાફથી આઘાત કરીને તાર છેડાય છે. જ્યારે વિતત્‌માં ગજથી વગાડવામાં આવે છે. તત્‌વાદ્યમાં એકતારો (રામસાગર), જંતર, વગેરે તેમજ વિતત્‌વાદ્યમાં રાવણ હથ્થો, સારંગી, સૂંરિદો, કામાઈચા (સિંધી સારંગી), રબાબ વગેરેનો સમાવેશ થાય છે.

**૩.૬.૧.૧ એકતારો :-**



**૩.૧ એકતારો**

લાંબા વાંસના એક છેડે મઢેલું તુંબડું લગાવી તેની ઘોડી પર એક તાર ટેકવીને સામા છેડાની ખૂંટી પર ભરાવી, ચુસ્ત કરી, આંગળીના ટકોરાથી તાર છેડીને વગાડાય છે. એનાથી દાદરા, કહરવા, દિપચંદી જેવા તાલોના લયબદ્ધ ટકોરાનો આધાર મળે છે અને સતત ગૂંજતા તારના સહાયક સ્વરથી કંઠ્ય સંગીતને સ્વર-લયનો આધાર મળે છે. આનું પ્રવર્તન વિશેષતઃ ભજન, સંતવાણીમાં જોવા મળે છે. એક તારને બદલે બે કે ચાર તારવાળા તંબૂર પણ આ વર્ગમાં જોવા મળે છે.

**૩.૬.૧.૨ જંતર :-**



**૩.૨ જંતર**

શેણી વીણાજંદની કથામાં જંતરવાળા જુવાનની કરુણાંત કથાએ આ વાદ્યને ગુજરાતમાં નામથી તો પરિચિત રાખ્યું છે, પરંતુ એની વાદન પરંપરા લુપ્ત છે. વીણાકુળનું આ વાદ્ય છે. રૂદ્રવીણાનું લઘુ રૂપ છે. ત્રણેક ફૂટના વાંસના દંડના બે છેડે એકાદ ફૂટના વ્યાસનાં સરખા કદ અને માપનાં બે નાનાં તૂંબડા લગાડેલા હોય છે. એ તુંબડાને જમીન પર ટેકવીને વીણાની જેમ વગાડાય

છે. એના ઉપર ચાર તાર હોય છે અને મેરૂદંડ પર લાકડાના પડદા મીણથી ચોંટાડેલા હોય છે, એના તાર મંદ્રના પંચમ અને મધ્યના ષડ્જમાં મેળવવામાં આવે છે. તાર સપ્તકના ષડ્જનો ચિકારીનો તાર પણ હોય છે. એના ચૌદ પડદાઓ અને ખુલ્લો તાર પંદર સ્વર આપી શકે છે. એક હાથે આંગળી, અંગૂઠાથી આઘાત આપી તાર છેડી, બીજા હાથની આંગળીથી તારને પડદા પર દબાવી સ્વર મેળવવામાં આવે છે. જંતરનો એક રાજસ્થાની પ્રકાર પણ છે. તેમાં જંતરને ઊભું પકડીને વગાડાય છે.[૭]

### ૩.૬.૧.૩ રાવણહથ્થો :-


૩.૩ રાવણહથ્થો

આ વાદ્યનો ઉદ્‌ભવ – વિકાસ દક્ષિણ ભારતમાં થયેલો છે. આ વાદ્યના ઉદ્‌ભવ અંગે એવી દંતકથા છે કે રાવણે શિવજીને પ્રસન્ન કરવા માટે પોતાનાં જ આંતરડાનું વાદ્ય બનાવ્યું અને રાવણહથ્થાના નામથી ઓળખાવા લાગ્યું. આ વાદ્ય ઉત્તર ભારતીય સંગીતના ક્ષેત્રોમાં આવેલા ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર વગેરેમાં લોકવાદ્ય તરીકે સ્થાન ધરાવે છે. ગુજરાતમાં મુખ્યત્વે ભરથરીઓનું આ વાદ્ય છે. વિશેષતઃ વીરનાં કથાગીતો, રાસડા વગેરે આ વાદ્ય ઉપર ગવાય છે. આ વાદ્ય નારિયેળ ઉપર વાંસ લાગડીને બનાવવામાં આવે છે. કટોલા ચામડાની લાકડાની ઘોડી કે ઘુઘ્ય લગાવીને નવ તાર લગાડવામાં આવે છે. આ વાદ્યને ગજથી સારંગીની જેમ વગાડવામાં આવે છે.


### ૩.૬.૧.૪ સારંગી :-


૩.૪ સારંગી

૭. યાજ્ઞિક, હસુ. લોકવિદ્યા પરિચય – પા.નં. ૬૨

શાસ્ત્રીય સંગીતમાં પ્રયુક્ત સારંગી કરતા આ થોડી નાની હોય છે. જેમાં એક, બે, અથવા ત્રણ તાર હોય છે. ગીતના બોલો અનુસાર થોડા સ્વર-સમુદાયના વાદન દ્વારા જાણે સારંગીના સ્વર અને શબ્દ એકરૂપ થઈ ગયા હોય તેવું લાગે છે. પ્રાચીન કથા સંભળાવનાર અથવા દેવીના મંદિરમાં સ્તુતિ ગાનાર ભક્ત આ વાદ્યનો પ્રયોગ કરે છે. તેને ગજથી વગાડવામાં આવે છે, આ વાદ્યમાં ઘુંઘરું પણ લગાડવામાં આવે છે.

**૩.૬.૧.૫ સુરિંદો :-**



૩.૫ સૂરિંદો

સારંગીના વર્ગનું આ પ્રાચીન લોકવાદ્ય ગુજરાતમાં કચ્છની પરંપરામાં રહીને લુપ્ત થયું છે. રાજસ્થાનમાં એની પરંપરા લંઘા કલાકારોમાં ટકી શકી છે. આ વાદ્ય સારંગીની લઘુ આવૃત્તિ જેવું છે. સૂર + દા = સૂર આપનારું એવી વ્યુત્પત્તિ સંભવે છે. આ વાદ્ય લાકડાના ટુકડાને કોતરીને બનાવવામાં આવ્યું છે. એનું પેટ પોલું અને વર્તુળાકાર હોય છે. એને આખું અથવા આંશિક રીતે ચામડાથી મઢેલું હોય છે. એને અંકમાં સ્થાયી ગજ વડે વગાડવામાં આવે છે. એના ભૂમિ તરફના ભાગે ઘોડી પર તાર રાખીને ઉપરની ખુંટીથી ચુસ્ત કરવામાં આવે છે. ઉપરના ભાગની બાજુએ ખાંચમાં ચાવી પર તારનો છેડો બાંધેલો હોય છે. એમાં મુખ્યત્વે ચાર ખૂંટીઓ હોય છે. તેના પર જુદી-જુદી જાડાઈની તાંત બાંધેલી હોય છે. તે મંદ્રના પંચમથી તારના ષડ્જમાં મેળવવામાં આવે છે. તેને છાતી પર ત્રાંસુ ગોઠવીને વગાડાય છે. એનો ધ્વનિ સારંગી જેવો જ મધુર હોય છે.[૮]

**૩.૬.૨ સુષિર વાદ્ય :-**

સુષિર વાદ્ય એટલે હવાના ઉપયોગથી વાગતા વાદ્ય, આ પ્રકારના લોકવાદ્યોમાં વાંસળી, પાવો, મોરલી, શંખ, ભૂંગળ વગેરેનો સમાવેશ થાય છે. ભારતના લોકવાદ્યોને આદિવાસી અને

૮. યાજ્ઞિક, હસુ. લોકવિદ્યા પરિચય - પા.નં. ૬૨

ગ્રામીણ એવા બે વર્ગમાં વહેંચી શકાય છે. આદિવાસીઓના સુષિરવાદ્યોમાં થોડું વૈવિધ્ય જોવા મળે છે.

### ૩.૬.૨.૧ વાંસળી :-



૩.૬ વાંસળી

વાંસળીના મોટી અને નાની, પાતળી અને જાડી, આડી અને ઊભી એવા અનેક પ્રકારો છે. ગુજરાતના રાઠવા આદિવાસીઓનું આ મુખ્ય વાદ્ય છે. વાંસળી પોલી નળીમાં ચાર-પાંચ કે છ છિદ્રોથી બનેલી હોય છે. જો કે તેના બે પ્રકાર છે. એક પાવા વાળી વાંસળી અને બીજી એક ને બદલે જોડિયા પાવાવાળી વાંસળી જોડીયા પાવા વાળી વાંસળીમાં સંયુક્ત ધ્વનિ પશ્ચિમના સંગીતની chord નો હેતુ સિદ્ધ કરે છે. બે પાવાથી પણ વિશેષ સંખ્યામાં પાવા જોડાયેલા હોય છે અને એક ફૂંકથી સાથે વગાડવામાં આવે ત્યારે બે પાવા ષડજ અને પંચમ કે ષડજ અને મધ્યમને સતત ગૂંજતા રાખે છે અને ત્રીજા પાવાના છિદ્રોના આધારે બીજા સ્વરો વગાડીને ગૂંજતા સ્થિર સ્વરોમાં ઉમેરાય છે. આથી વાદન હર્યુંભર્યું લાગે છે.

### ૩.૬.૨.૨ શંખ :-



૩.૭ શંખ

શંખએ પ્રાચીન સુષિર વાદ્ય છે. શંખથી મુખ્ય એક જ સ્વર નિષ્પન્ન થાય છે. શંખની જાત એની લંબાઈ અને કદ પ્રમાણે એનો નાદ ઘેરો કે તીણો હોય છે. શંખ એ શક્તિ અને આવડતથી જ વગાડી શકાય છે. યુદ્ધોમાં અને મંદિરમાં એનો વધુ ઉપયોગ થાય છે. હાલમાં વિશેષતઃ મંદિરમાં પૂજન - આરતીમાં શંખધ્વનિનો પ્રચાર છે.

### ૩.૬.૨.૩ ભૂંગળ :-



૩.૮ ભૂંગળ

ઉત્તર ગુજરાતની ભવાઈનું આ મુખ્ય વાદ્ય છે. એમાં ધાતુની છેવાડે પહોળી અને ઉપર સાંકળી નળાકાર ભૂંગળી હોય છે. ફૂંક મારતા પેથુ-પેથુ એવું ગૂંજે છે. એક સાથે બે ભૂંગળ વાગે છે.

આ ઉપરાંત, ભેરી, રણભેરી પણ આ વર્ગના સુષિર લોકવાદ્યો છે. પ્રાચીન - મધ્યકાલીન સાહિત્યમાં અનેક ઉલ્લેખો અને વર્ણનો મળે છે. શંખધ્વનિ, ધનુષ્ય ટંકાર અને રણભેરી ભારતીય આર્યોનાં યુદ્ધ સમયમાં વપરાતા વાદ્યો છે.[૯]

**૩.૬.૨.૪ પાવરી :-**



**૩.૯ પાવરી**

એ ડાંગી આદિવાસીઓનું સુષિર વાદ્ય છે. નીચે ગાય, બળદ કે ભેંસનું શિંગડું, વચમાં બે વાંસળી ઉપર દૂધીનું સુકું ખોખું, આ રીતે પાવરીનું વાજિંત્ર બનાવવામાં આવે છે. તેને મોરનાં પીછાં, રંગીન બંગડીઓ વગેરેથી શણગારવામાં આવે છે.

મોં વડે ફૂંક મારીને આ વાદ્ય વગાડવામાં આવે છે. બંસરી જેવી બે નળીઓમાંથી બે સૂર નીકળે છે, પણ તે બંસરી જેવા હોતા નથી. આ સૂર મદારીની મહુવરને મળતા આવે છે. પાવરીના સૂરને મોટો કરવાનું કામ શિંગ કરે છે. આ વાદ્યનો સૂર માદકતાથી ભરેલો હોય છે. રાત્રીના વાતાવરણમાં ડુંગરાની ગાળીમાં આ મદમાતો સૂર કાને પડે ત્યારે સાંભળનારનાં રૂંવાડાં ખડાં થઈ જાય છે. ડાંગમાં આ વાદ્ય બનાવનાર 'પાવરીકર'ના નામે ઓળખાય છે.

કુંડ મેળો બાર વર્ષે એકવાર આવે તેમ ડાંગના આદિવાસીઓનો ડુંગરદેવનો મેળો પાંચ વર્ષે

---

૯. યાજ્ઞિક, હસુ. લોકવિદ્યા પરિચય - પા.નં. ૫૭

એકવાર આવે છે. પોષ સુદ આઠમથી આરંભાતો આ મેળો પૂનમ સુધી ચાલે છે. આ પ્રસંગે જુદાં જુદાં ગામોના આદિવાસીઓ ભેગા મળીને વાજતેગાતે ડુંગરદેવની પૂજા કરવા માટે જાય છે. એ વખતે પાવરીના સૂર સાથે નાચતાં-ગાતાં ઉલ્લાસભેર નીકળી પડે છે.[૧૦]

### ૩.૬.૨.૫ તાડપુ / ડોબરું :-



૩.૧૦ તાડપુ / ડોબરું

ફૂંક વડે વાગતા વાજિંત્રોમાં મહુવર કુટુંબનું આ વાદ્ય આદિવાસીઓનું અત્યંત પ્રિય વાદ્ય છે. તાડપુના ઉપરના ભાગમાં પાકી દૂધીની કોઠી હોય છે. પાવરીની માફક તાડપુમાં પોલા વાંસની બે ભૂંગળીઓ હોય છે. એને છેડે તાડની પટ્ટીનું દોઢથી અઢી હાથ લાંબુ ભૂંગળું હોય છે. આ ધ્વનિવર્ધક ભૂંગળામાં છથી સાત છિદ્રો હોય છે, જ્યારે બીજી ભૂંગળીમાંથી બેથી ત્રણ છિદ્રો હોય છે, જે સ્વર આપવાના કામમાં આવે છે. એમાંથી એક ખુલ્લું રાખી બીજાં મીણની ગોળીઓથી બંધ કરી દે છે. શોખના શાહજાદાઓ તાડપુને મોરપીંછ, પિત્તળપાન, ઘાસ વગેરેથી કલાપૂર્ણરીતે શણગારે છે. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ તાડપુ વગાડીને રાતભર નૃત્ય કરે છે.

કદના ફેરફારને કારણે આ વર્ગમાંથી આવેલું એવું જ વાદ્ય ડોબરુંને નામે ઓળખાય છે. તેનો ધ્વનિસંવર્ધક તાડપટ્ટીને બદલે દૂધિમાંથી બને છે. આ છ થી સાત ફૂટ ઊંચું વાજિંત્ર છે. એને મોરપીંછ, ફટકિયાં મોતી, કાચની રાયણમાળાથી સુશોભિત કરવામાં આવે છે. આ ડોબરું દેવપૂજન વખતે જ વપરાય છે. દેવની બાધા લઈને જતી વખતે આ 'દેવાહડોયળી' વગાડનાર સૌથી આગળ ચાલે છે. ધાર્મિક કાર્ય સિવાય આ ડોબરું વગાડવાનું આદિવાસીઓ નિષિદ્ધ ગણે છે.[૧૧]

---

૧૦. જાદવ, જોરાવરસિંહ. ગુજરાતના લોકવાદ્યો, પા.નં. ૩૭

૧૧. જાદવ, જોરાવરસિંહ. ગુજરાતના લોકવાદ્યો, પા.નં. ૩૮

### ૩.૬.૨.૬ રણશીંગું અને નાગફણી :-

ગુજરાતમાં શિંગડાના વાજિંત્રો ઓછાં વપરાય છે, પણ તે શીંગી જેવાં વાજિંત્રો રણશીંગું અને નાગફણીના પૂર્વજો મનાય છે. રણશીંગું અને નાગફળી શિવમંદિરો સિવાય ભાગ્ય જ બીજે ક્યાંક જોવા મળે છે.[૧૨]

### ૩.૬.૩ અવનદ્ધ વાદ્ય (તાલ વાદ્ય) :

લોકવાદ્ય ક્ષેત્રે સ્વરવાદ્યોની જેમ તાલવાદ્યોનું કુળ પણ વૈવિધ્યસભર છે. લોકસંગીતનો અનુબંધ વિશેષતઃ નૃત્ય સાથે રહ્યો છે. સંગીત અને નૃત્ય બન્નેનો પ્રાણ લય છે. એથી તાલનું વિશેષ મહત્ત્વ છે. પગની ઠેકથી તાલ અપાય, ત્યારે પણ એના પ્રવાહને જીવંત અને અસ્ખલિત રાખવા માટેની તાલસાધનની આવશ્યતા જરૂરી હોય છે.

ઢોલ, ઢોલક, ઢોલકી, તબલા, નગરાં, નગારી, ડમરું, ડુગડુગી, ડફ, ડાકલું, ખંજરી વગેરે તાલવાદ્યોનો પ્રયોગ લોકસંગીતમાં થાય છે. આમાં કેટલાક મુખ્ય અને પ્રચલિત તાલવાદ્યોની વિગત નીચે પ્રમાણે છે.

### ૩.૬.૩.૧ ઢોલ :-



૩.૧૧ ઢોલ

વિશ્વભરના લોકસંગીતનું આ મૂળભૂત વાદ્ય છે. એક જ જાતિ અને પ્રદેશમાં આ વાદ્યના અનેક પ્રકારો છે. ઉપયોગ અને કદના આધારે ઢોલ, ઢોલક, ઢોલકી એવા પ્રકારો બને છે. લોકવાદ્યોમાં મોટામાં મોટું કુળ ઢોલનું છે. એમાં સામાન્ય રીતે લાકડાના નળાકારને બંને બાજુએ કે એકબાજુ ચામડાથી મઢવામાં આવે છે. એના પર હથેળી, આંગળી કે લાકડી જેવા સાધનની આઘાત કરીને ગુંજતો નાદ મેળવવામાં આવે છે. જ્યારે ઢોલને ગળે લટકાડીને વગાડાય છે ત્યાં તેની બંને બાજુએ ચામડું મઢવામાં આવે છે. નળાકારનો ડાબો-જમણો છેડો મોટેભાગે સમાન વ્યાસનો હોય છે. એનાથી નાની આવૃત્તિ એ ઢોલક અને ઢોલકી છે.

---

૧૨. જાદવ, જોરાવરસિંહ. ગુજરાતના લોકવાદ્યો, પા.નં. ૨૦

૩.૬.૩.૨ ઢોલક અને ઢોલકી :-



૩.૧૨ ઢોલક

ઢોલની નાની આવૃત્તિ એટલે ઢોલક અને ઢોલકી એમાં લાકડાના નળાકારનો એક છેડો પહોળા વ્યાસવાળો અને બીજો ટૂંકા વ્યાસનો હોય છે. પહેલો ભાગ ઘેરો અને સાંકડો ભાગ તીણો આવાજ આપે છે. ડાબા હાથે પહોળો અને જમણા હાથે સાંકડો ભાગ વાગે છે. આ વાદ્યને બેઠાં બેઠાં પગની નજીક ગોઠવીને કે ખોળામાં રાખીને વગાડી શકાય છે.

૩.૬.૩.૩ નરઘાં (તબલાં) :-



૩.૧૩ નરઘાં

ઢોલકના જ ડાબા-જમણા ભાગ છૂટા પાડીને દાયા-બાયા બન્યા. જેને લોકસંગીતમાં નરઘાં અને શાસ્ત્રીય સંગીતમાં તબલાના નામે ઓળખવામાં આવે છે. સિતાર અને તબલાની શોધ અમીરખુશરોએ કરી એવી મૂલક વ્યાપક દંતકથાનું ડૉ. મધુસૂદન ઢાંકીએ પ્રાચીન શિલ્પોને આધાર આપીને ખંડન કર્યું છે અને પ્રાચીન શિલ્પો દ્વારા એ સિદ્ધ થાય છે કે મૃદંગ કે પખાવજના દાયાં અને બાયાં અલગ થઈ ચૂક્યા હતા.

૩.૬.૩.૪ ડમરું :-



૩.૧૪ ડમરું

આ ભગવાન શિવજીનું વાદ્ય મનાય છે. એને અંગૂઠા અને આંગળીથી ખાંચના ભાગથી

પકડીને વગાડી શકાય છે. વાદ્યને ચુસ્ત પકડી રાખીને કાંડાને લયબદ્ધ રીતે ઘુમાવતાં એને બાંધેલા સખત પદાર્થની ગોળી ચોંટાડેલા કે સખત ગાંઠ વાળીને દોરીના બે છેડા ડમરુની બંને બાજુની ચામડાની ચુસ્ત સપાટી પર અથડાય છે ત્યારે 'ડમાક્-ડમાક્ ડમ્ ડમ્' એવો ધ્વનિ બહાર આવે છે. આઘાતથી સંશોધિત એવી યુક્તિ (device) એ આ વાદ્યની વિશેષતા છે.

### ૩.૬.૩.૫ ડુગડુગી :-



૩.૧૫ ડુગડુગી

ડમરુનું બાલક્રિડા માટેનું રમકડા જેવું વાદ્ય છે. ડમરુ કરતા તેનો આકાર થોડો જુદો છે. ધાતુની ગોળ વાળેલી પટી અથવા પકવેલી માટીની ગોળ ધારીની બંને બાજુ કાગળ કે ચામડું મઢેલું હોય છે અને મધ્યમાં વાંસની સળી પરોવેલી હોય છે. આ સળી પકડી, બે હથેળી વચ્ચે દબાવીને ફેરવતા છૂટી દોરીઓની ગાંઠ ડુગ ડુગીની સપાટી પર અથડાય છે અને લયબદ્ધ નાદ આપે છે.

### ૩.૬.૩.૬ ડાકલું :-

આ લોકવાદ્ય દેવી સ્તોત્રમાં રાવળિયા અને અન્ય વિશિષ્ટ જાતિ-જ્ઞાતિ દ્વારા વગાડવામાં આવે છે. ડમરુંની જેમ તેમાં બંને બાજુએ ચામડું મઢેલું હોય છે. એની બંને પડીઓ દોરીથી એવી રીતે બાંધેલી હોય છે કે દાંડી પડતાં પડી પર ખેંચાણ આવે છે અને 'ડુક ડુક' એવો અવાજ આવે છે. આ વાદ્યનો નાદ એવો વિશિષ્ટ છે કે આંદોલિત સ્વરે દેવીનું સ્તોત્ર ગવાય અને ડાકલું વાગે તેનો ધ્વનિ જ મન-હૃદયને વિશિષ્ટ એવી અનુભૂતિ કરાવે છે અને શરીરમાં ધ્રુજારી પેદા કરે છે. આ તત્ત્વ 'ડાકલું વાગતાં ભૂવો ધૂણે' જેવા પ્રયોગો પણ જોવા મળે છે. ખાસ જાતિજ્ઞાતિ અને કલાકારની કુળ પરંપરામાં જ આ વાદ્ય બને છે અને વગાડાય છે. એનું ચામડું પણ વિધિપૂર્વક કુંવારી હરણીનું જ લેવામાં આવે છે.

### ૩.૬.૩.૭ ડફ :-



૩.૧૬ ડફ

ડુગ ડુગીની જેમ જ પ્રમાણમાં મોટી અને પહોળી પટ્ટીની વર્તુળથી એક બાજુએ ચામડાથી

ઝમઢી લેવામાં આવે છે. એક હાથે પહોળી પટ્ટી પકડીને બીજા હાથથી ચામડાની મઢેલી સપાટી પર આઘાત કરીને નાદ મેળવવામાં આવે છે. ગુજરાતના કેટલાક આદિવાસીઓ વિશેષતઃ હોળીનાં ગીતો ડફ પર ગાય છે. ડફનું કદ એક ફૂટ કરતાં વિશેષ વ્યાસવાળું હોય છે. તેનાથી નાના વાદ્યને ડફલી કહેવામાં આવે છે.

**૩.૬.૩.૮ નગારું :-**



**૩.૧૭ નગારું**

નગારું અર્ધ ગોળાકાર ધાતુપાત્રની ઉપરની બાજુ ચામડુ મઢીને બનાવાય છે. પાતળી, ગાંઠવાળી દાંડીથી તે વાગે છે એના ધાતુપાત્રમાં રણકારયુક્ત નાદ હોય છે. મંદિરની આરતીમાં નગારું વાગે છે. નોબત-નગારા એવો સાથે પ્રયોગ થાય છે. દેવમંદિરના શહનાઈવાદનમાં પણ તે તાલવાદ્ય તરીકે વગાડાય છે. શહનાઈ સાથે નાનું નગારું વાગે છે, જેને નગારી કહે છે. ઉસ્તાદ બિસ્મિલ્લાખાન જેવા ઉત્તમ શહનાઈવાદક શાસ્ત્રીય સંગીતમાં પણ તબલાને બદલે નગારીની સંગીત અનુકૂળ માને છે, નગારું યુદ્ધના પ્રસંગો કે સંકટકાળે સાવધાન કરવા માટે પણ વગાડવામાં આવતું.[૧૩]

**૩.૬.૩.૯ ત્રાંસુ :-**



**૩.૧૮ ત્રાંસુ**

નગારું જમીન પર ટેકવીને વગાડાય છે. જ્યારે આ સાધનને હરતાં-ફરતાં વગાડવાનું હોય છે. હરતા-ફરતા વગાડવા માટે એને લઘુ આવૃત્તિનું દોરડું બાંધીને ગળે લટકાડીને વગાડવામાં આવે છે. સભા - સરઘસમાં આ રીતના ત્રાંસાનો ઉપયોગ થાય છે. દેવની કે રાજાની નગરયાત્રા હોય ત્યારે ત્રાંસુ વગાડવામાં આવે છે. ત્રાંસાનો અવાજ પ્રમાણમાં થોડો તીણો હોય છે.

---

૧૩. યાજ્ઞિક, હસુ. લોકવિદ્યા પરિચય - પા.નં. ૬૮

### ૩.૬.૩.૧૦ માદળ :



૩.૧૯ માદળ

ઢોલના વર્ગનું મૃદંગ જવા આકારનુ દખાતુ આ અવનદ્ધ વાદ્ય ભારતનું અતિ પ્રાચીન વાદ્ય ગણાય છે. સંગીતના ગ્રંથોમાં તેનો ઉલ્લેખ મરદલ, મદ્દલ વગેરે નામે થયેલો છે. બિહાર-બંગાળમાં તે માડરને નામે જાણીતું છે. ગુજરાતમાં ભરૂચ, વડોદરા અને ડાંગ જિલ્લાના આદિવાસીઓનું આ અત્યંત પ્રિય વાદ્ય છે.

આ લોકવાદ્ય બિયા, સેવન, સાગ કે કળમના લાકડામાંથી બનાવવામાં આવે છે. એની લંબાઈ ૩૬ થી ૪૦ ઈંચની હોય છે. માદળના મુખ પર લગાડેલા ચામડાને 'ધોદ' કહે છે. દસ ઈંચ જેટલો વ્યાસ ધરાવતા આ 'ધોદ' ઉપર કોતીનું મીણ લગાડવામાં આવે છે. ક્યારેક આવું મીણ ન મળે તો રાંધેલી કોદરી સાથે રાખવનું મિશ્રણ કરી તેને લગાડવામાં આવે છે.[૧૪]

આદિવાસી સંસ્કૃતિના અભ્યાસી શ્રી દત્તાત્રય ચીતળે નોંધે છે કે ડાંગી આદિવાસીઓ આ વાદ્યન. કમર પર બાંધીને વગાડે છે. હોળી વખતે. ભવાની દેવીનું નામ હળદર અને ફૂલ ચડાવી માદળની પૂજા કરવામાં આવે છે. આ માદળનો ઉપયોગ ગમે તે પ્રસંગે થતો નથી. એની ગંભીરતા જાળવવામાં આવે છે. ઠાકર્યામાં ગાતી વખતે તે લગ્નપ્રસંગે ભગવાનનાં ગીત ગાવા માટે માદળનો ઉપયોગ કરી કોઈકવાર કરવામાં આવે છે. 'ધોબિંગ' અને 'ઠીસરા' આ બે પ્રકારના ચાળા એના પર વગાડાય છે. લોકવાદ્યો પર જુદી જુદી ગતો વગાડવામાં આવે છે. આ ગતને માટે આદિવાસીઓ 'ચાળો' શબ્દ વાપરે છે. પંચમહાલ વિસ્તારના આદિવાસીઓમાં આને માટે 'વાનો' શબ્દ પ્રચલિત છે. શ્રી ઈન્દ્રશંકર રાવળના કથન અનુસાર દરેક ચાળાનું બંધેજ તાલ અને લય ઉપર બંધાયેલું હોય છે. સાધારણ રીતે બધા જ ચાળા મધ્ય અને દ્રુતલયમાં જ વાગે છે. દક્ષિણ ગુજરાતમાં બાવન જાતના ચાળા કહેવાય છે. ડાંગી આદિવાસીઓમાં મોહન્યા ચાળો, માળીનો ચાળો વગેરે સત્તાવીસ પ્રકારના ચાળા જોવા મળે છે. સારો વાદક પર વીસેક ચાળાથી વધુ જાણનારો ભાગ્યે જ જોવા મળે

---

૧૪. જાદવ, જોરાવરસિંહ. ગુજરાતના લોકવાદ્યો, પા.નં. ૩૬

છે. તાલની ચાલ-ચાળો બદલાતાં નૃત્યમાં અભિનય આપોઆપ બદલાય છે.

**૩.૬.૩.૧૧ તૂર :-**



૩.૨૦ તૂર

ઢોલ પછી દાંડી વગરના મૃદંગ વર્ગનાં વાદ્યોમાં તૂર મહત્ત્વનું બની રહે છે. માદળની માફક હાથની થાપીઓથી વગાડાતું તૂર એ લંબગોળ નળાકાર ઢોલક છે. તેનો કોઠો માટીમાંથી બનાવવામાં આવે છે. એના બંને મુખ એકસરખા હોય છે. આ મુખની ઉપર બંન બાજુએ ઊંટનું ચામડું લગાડવામાં આવે છે. આ ચામડું સારી પેઠે કેળવેલું હોય છે. એની મધ્યમાંનો ભાગ કાળો રંગેલો હોય છે. એમાંથી વધારો સારો અવાજ નીકળે એ માટે ચોખા અને રાખોડી મેળવીને એના ઉપર લગાડવામાં આવે છે. સુરત જિલ્લાના દૂબળા આદિવાસીઓ થાળી સથે તૂર વગાડીને નૃત્ય કરે છે. દક્ષિણ ગુજરાતમાં વગાડાતું આ વાદ્ય માળવા, બિહાર, ઓરિસ્સા અને બંગાળ સુધી આકારભેદ સાથે જોવા મળે છે.[૧૫]

**૩.૬.૩.૧૨ ઢાંક-ઢાંકા :-**



૩.૨૧ ઢાંક-ઢાંકા

નવ થી દસ ઈંચની લંબાઈ ધરાવતું ડાંગી આદિવાસી ભીલોનું આ અવનદ્ધ વાદ્ય બિયા કે

૧૫. જાદવ, જોરાવરસિંહ. ગુજરાતના લોકવાદ્યો, પા.નં. ૩૬

સેવનના લાકડામાંથી બનાવવામાં આવે છે. ડમરુ જેવા આકારના આ વાદ્યની પડી બકરાના ચાડામાંથી બને છે. ગુજરાતના આ વાદ્ય ડાકલાના નામે ઓળખાય છે. અને માતાનો માંડવો નાખે ત્યારે રાવળદેવ એને વગાડે છે.

ડાંગી ઢાંકની જમણી બાજુ કુડપી અને ડાબી થાપ તરીકે ઓળખાય છે. કુડપી વાંસમાંથી બનાવે છે. ઢાંકની વિશિષ્ટતા એ છે કે તેને પિંડી પર બાંધીને વગાડવામાં આવે છે. ભીલો ઢાંકને દેવવાજિંત્ર તરીકે ઓળખે છે. લગ્નપ્રસંગે તેને વગાડે છે પણ નવરાત્રીમાં દેવગીતો ગાતી વખતે તેનો ઉપયોગ વિશેષ થાય છે. આજે આ વાદ્ય વગાડનારની સંખ્યા દિવસે દિવસે ઘટતી જાય છે.

પાલના રાઠવા આદિવાસીઓ મોટી ડાબલીને ઢાંક કહે છે. સાગ કે સેવનના લાકડામાંથી તેઓ જાતે જ આ વાદ્યને બનાવે છે. તેની પડીઓ બકરાના ચામડામાંથી બનાવે છે. આ ચામડાને ખેંચવા માટે શણની દોરી વાપરે છે. ઢાંકની વચ્ચે બળદને ગળે બાંધવાની ઘૂઘરમાળના ખારેક નામે ઓળખાતા નવ ઘૂઘરા અને મોટા ત્રણ ઘૂઘરા બાંધે છે. નસવાડી, સંખેડા તાલુકામાં ઢાંકને પગના ઘૂંટણ વડે દબાવીને વગાડવામાં આવે છે. પાવી-જેતપુર અને છોટાઉદેપુર તાલુકામાં ડાબા પગના ઘૂંટણમાં દોરી ભરાવીને ઢાંકને ડાબા પગની પાટલી પર રાખે છે. ઢાંક વગાડતી વખતે પગની પાટલી હલાવે છે, એટલે ઢાંકને બાંધેલા ઘૂઘરાનો અવાજ થાય છે. ઢાંક વગાડનાર જમણા હાથે દાંડિયો પકડીને વગાડે છે અને ડાબા હાથથી તાલ આપે છે. આ ઢાંક વાર્તા કહેતી વખતે ભૂવાના શરીરમાં દેવનો પવન લાવવા, કુવારિયો, ઇંદ્ર કે પીઠોરાની માનતા વખતે દેવનું 'ગાયણું' ગાતી વખતે વિશેષ રૂપે વગાડવામાં આવે છે.[૧૬]

દક્ષિણ ગુજરાતમાં આવું પેટે બાંધીને વગાડી શકાય તેવું વાદ્ય ઢાંકો નામે ઓળખાય છે. શ્રી ઇન્દ્રશંકર રાવળના નોંધ્યા મુજબ આ વાદ્ય સીધું મહારાષ્ટ્રમાંથી આવ્યું છે. ડાંગ અને વડોદરા જિલ્લામાં તે ખૂબ પ્રચલિત છે. એનું ગુજરાત સ્વરૂપ નામું છે. ઢાંકામાં લીંબોળી ઘાટનાં બે તબલાં હોય છે. તેમાંનું એક લાકડાનું અને બીજું માટીનું હોય છે. તેની ચામડાની પડી કોઠાથી ફરતી બેથી ત્રણ ઇંચ બહાર નીકળતી હોય છે. તેને નીચે એક લોઢાની રિંગ સાથે ડાકલાની માફક દોરોથી બાંધવામાં આવે છે. લોઢાની કડીને લાકડાના ત્રણ ટેકા વડે કોઠાથી છૂટી રાખવામાં આવે છે.

૧૬. જાદવ, જોરાવરસિંહ. ગુજરાતના લોકવાદ્યો, પા.નં. ૩૬

નેતરની દાંડી વડે આદિવાસી વાદકો આ વાદ્યને વગાડે છે.

**૩.૬.૪ ઘન વાદ્ય :-**

**૩.૬.૪.૧ ઝાંઝ :-**



**૩.૨૨ ઝાંઝ**

ઝાંઝ પિતળ કે કાંસાની વચ્ચેનું પેટ ઉપસેલું અને એક એક કાણાવાળું હોય એવી બે થાળીઓનું બનેલું હોય છે. બન્ને થાળીઓ વચ્ચેનાં કાણાંમાં દોરીઓ પરોવી એમના છેડે કપડામાં મૂઠિયાં હોય છે, જેમને બે હાથમાં ઝાલીને ઝાંઝ વગાડાય છે. એમની ધાતુની થાળી કે રકાબીની વર્તુળાકાર ધાર સપાટ હોય છે. બન્ને હાથમાં પકડેલી બે થાળી અથડાતાં નાદ જન્મે છે. લયબદ્ધ રીતે તે ટકરાવાય છે. વૈષ્ણવ મંદિરોમાં કૃષ્ણભક્તિમાં એનો ખાસ ઉપયોગ થાય છે. ઝાંઝ અને પખાવજ હવેલી કીર્તનનાં મુખ્ય વાદ્યો છે.

**૩.૬.૪.૨ મંજીરા :-**



**૩.૨૩ મંજીરા**

મંજીરા પણ ઝાંઝની જેમ જ વગાડાય છે. એની થાળી / રકાબી નાની હોય છે. એ પરસ્પર ટકરાતાં રણકાર ઊઠે છે. અને દોરીની યુક્તિને કારણે હાથનો સ્પર્શ થતો નથી અને રણકાર દબાતો નથી. તાલની માત્રા અને એના ખંડના આરંભના સમયે જ મંજીરા ટકરાય છે, તેથી તાલનું સ્વરૂપ બંધાય છે.

**૩.૬.૪.૩ ટોકરા - ટોકરી :-**



**૩.૨૪ ટોકરા - ટોકરી**

ટોકરા-ટોકરીમાં ધાતુનો ઘંટ હોય છે. એમાં વચ્ચે ધાતુ કે લાકડાનો દંડ કે દંડો હોય છે. તે ઘંટ સાથે અથડાતાં નાદ મળે છે. આરતીમાં તે વાગે છે. આનું નાનું સ્વરૂપ એ ટોકરી છે. તે

હાથમાં પકડીને વગાડી શકાય છે. દરેક ઘંટ અને ઘંટડીને પોતાનો ખાસ નિયત સ્વર હોય છે.

**૩.૬.૪.૪ ઝાલર :-**



૩.૨૫ ઝાલર

ઝાલર એટલે ધાતુની મોટી થાળી. એના પર લાકડાની હથોડીનો આઘાત થાય છે. ઝાલર ટીંગોળીને પણ વગાડાય છે અને એને દોરી કે હૂકમાં પરોવી તેને એક હાથે પકડીને બીજા હાથે લાકડાની હથોડીથી ઝૂલતાં ઝૂલતાં લયબદ્ધ રીતે વગાડાય છે. ઘંટ-ઝાલર મોટે ભાગે પંચધાતુના હોય છે અને વિશિષ્ટ રણકાર આપે છે.

**૩.૬.૪.૫ માણવાદન :-**


માણ એ ગુજરાતનું અતિપ્રાચીન વાદ્ય ગણાય છે. ધાતુનો સાંકડા મોંનો ગોળો માણસના નામે ઓળખાય છે. એને વગાડનાર માણભટ્ટોની પરંપરાના અવશેષરૂપ પાંચ-છ માણભટ્ટો ગુજરાતમાં રહ્યા છે.

માણની પૂર્વે જૂના કાળમાં માટીના ઘડાનો વાદ્ય તરીકે ઉપયોગ કરવામાં આવતો. આજે ગામડાંઓમાં ક્યાંક ક્યાંક ભજનનાં ઘટવાદ્ય વગાડવામાં આવે છે. ઋગ્વેદમાં એને માટે ગર્ગર શબ્દ મળે છે. ત્યારથી ગર્ગરકોની પરંપરા ગાગરિયા ભટ્ટ સુધી ચાલી આવી છે. માણ સાથે માણભટ્ટો આખ્યાન કરે છે એ પરંપરાનું પગેરું પ્રેમાનંદના સમય સુધી પહોંચે છે. આ પ્રેમાનંદના વંશજ એવા શ્રી ધાર્મિકલાલ પંડ્યાએ આખ્યાત પરંપરા અને માણવાદનની કલાને જીવતી જ નથી રાખી પણ દેશપરદેશ સુધી પહોંચાડીને એને ગૌરવ પણ અપાવ્યું છે. આ માણભટ્ટ લાકડાના ઊંચા પાટ પર બેસી મનોહર મોતીથી મઢેલી ઈંઢોણી ઉપર તાંબાની માણ મૂકી શક્તિના પ્રતીકરૂપે તેમાં ત્રિશૂળ પધરાવી કંકુ વડે પૂજન કરી પછી દસે આંગળીએ રૂપાના કરડા (વેઢ) પહેરી માણવાદન શરૂ કરે ત્યાં તો ત્રિતાલ, દાદરો, જપતાલ, એકતાલ, ત્રિતાલ, ચૌતાલ, દાદરો, દીપચંદી, કેરબો વગેરે તાલો જ નહીં પણ આખું તાલશાસ્ત્ર જાણે અહીં રમવા ઊતરી આવે છે. માણની સાથે તબલાં, કાંસીજોડા અને હવે હાર્મોનિયમનો પણ ઉપયોગ થતો જોવા મળે છે. તબલાં સાથે માણની

જુગલબંધી પણ માણવા જેવી હોય છે.

દક્ષિણ ભારતમાં સંગીતકારો શિષ્ટ સંગીતમાં માણનો ઉપયોગ કરે છે. આ માણ એ ઘટવાદ્ય છે. માટીના ઘડાનું મોં ચામડાથી મઢી લઈ તેની બાજુમાં થાપ મારવાની તબલા જેવો અવાજ નીકળે છે. કર્ણાટક અને મલબાર તરફ ચાક્યારોમાં નૃત્ય સંગીત વાર્તાઓની સાથે 'મિળાવ' નામની મોટી માણ વગાડવાનો રિવાજ ઘણા પ્રાચીન છે.[૧૭]

**૩.૬.૪.૬ ચીપિયો :-**



**૩.૨૬ ચીપિયો**

ચીપિયો આમ તો રસોડામાં વપરાતું લોખંડની પટ્ટીનું એક સાધન છે. રસોઈના કામમાં વપરાતો ચીપિયો તેના ધ્વનિમય આકાર, પ્રકાર અને અવાજને કારણે સંગીતના વાદ્યક્ષેત્રમાં સ્થાન પામ્યો છે.

લોખંડની એક લાંબી પટ્ટીને વાળીને ચીપિયાના બે પાંખડાં બનાવવામાં આવે છે. છેડાની ગોળાઈને લીધે બે પાંખિયાં એકબીજાથી દૂર રહે છે તેને દબાવવાથી ભેગા થાય છે. એને કારણે લયાત્મક સ્વરૂપે વગાડવાની શક્યતા ઊભી થતાં ચીપિયો સંગીતના ક્ષેત્રે પ્રવેશ્યો.

સંગીતના ક્ષેત્રમાં પ્રવેશતાં જ ચીપિયાએ પોતાનાં રૂપ બદલવા માંડ્યા. રસોડાનો ચીપિયો નાનો હોય છે. જ્યારે સંગીતમાં વપરાતો ચીપિયો વધુ લાંબો બનવા લાગ્યો. તેની ગોળાઈવાળા ભાગ પર લોખંડનું કડું દાખલ થયું. ભજનમંડળીમાં બાવાઓ આ ચીપિડાનો ઉપયોગ કરવા લાગ્યા. રાજસ્થાનમાં પણ ભજન, કીર્તન, વાણી, હેલી અને હરજસમાં ઢોલક, કરતાલ, ઝાં અને મંજીરા સાથે ચીપિયાનો ઉપયોગ થાય છે. વગાડતી વખતે ડાબા હાથ તરફ ચીપિયાનો કડીવાળો અને જમણા હાથ તરફ છેડાનો ભાગ રહે છે. એના વાદળથી અનેક તાલો નિષ્પન્ન કરી શકાય છે. એનો લય સંગીતના સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે. ચીપિયો વગાડવામાં સહેલો છે. તાલ માટે બે છેડાને અથડાવીને કડાને પટ્ટી પર વગાડવામાં આવે છે. બેઠા-બેઠા, ઊભા-ઊભા કે નાચતા-નાચતા

---

૧૭. જાદવ, જોરાવરસિંહ. ગુજરાતના લોકવાદ્યો, પા.નં. ૨૨

ચીપિયો વગાડી શકાય છે. મંજીરાની જેમ ચીપિયાનો ઉપયોગ ભજન જેવા ધાર્મિક સંગીતમાં જ થાય છે.

આમ, ગુજરાતના સંગીત-લોકસંગીતમાં વિવિધ ધાતુના વૈવિધ્યપૂર્ણ ધનવાદ્યો પ્રાચીન પરંપરાથી વપરાતા આવ્યાં છે. આજે પણ એકાદ-બે અપવાદને બાદ કરતા એનું પ્રચલન લોકજીવનમાં યથાવત જળવાઈ રહ્યું છે.

પ્રવીણ સાગરે ગ્રંથમાં લોકવાદ્યો ૩૬ પ્રકારના બતાવ્યા છે. Mandal, Bin (Jantar), Ravaj, Anap, Tambur, Upang, Bar, Basu, Surad, Pinak, Jumayach, Pungi, Sarangi, Bansil, Dardha, Bans, Kanutak, Tal, Pingi, Rantur, Bher, Sharnai, Pavo, Ranshingu, Sahankh, Shingi, Karnaat, Pana, Aanak, Murani, Duf, Dak, Damaru, Jaltarang, Zanz, Manjari.[૧૮]

આમ, લોકવાદ્યક્ષેત્રે અનતવિધ વૈવિધ્ય જોવા મળે છે. ગુજરાતના આદિવાસીઓમાં આજની પરંપરામાં પણ સંખ્યાબંધ તંતુવાદ્યો છે. એમના સુષિરવાદ્યામાં વાંસળી વર્ગના તાડપૂ, ડૉબરું, નરહિલો જેવા વાદ્યો છે. તાડપૂ મોટી દૂધીના તુંબડામાંથી બનેલું હોય છે. એમાંથી બે ભૂંગળીઓ પસાર થાય છે, જેમાં એક ભૂંગળી પાયાનો મુખ્ય કે મધ્ય સ્વર આપે છે અને બીજી ભૂંગળીના છિદ્રો રચનાનો બીજો સ્વર આપે છે. તાડપૂનો જ એક પ્રકાર ડૉબરું છે. નરહિલો વાંસના બંને છેડે તાડપત્રની પટ્ટીઓના ભૂંગળાવાળું વાદ્ય છે, તેના ચાર છિદ્રોમાંથી પાંચ સ્વર મળે છે.

આમ, નાદ અને લયનું અનોખું વૈવિધ્ય સ્વરમય વિશ્વ આ લોકવાદ્યો સિદ્ધ કરે છે.

### ૩.૭ લોકસંગીતના પ્રકાર :-

લોકપરંપરાના વિભિન્ન અંગો દ્વારા લોકજીવનમાં કૌટુંબિક, વ્યવહારિક, સામાજિક ને ધાર્મિક ઉત્સવો કે તહેવારોનું મહાત્મ્ય પારંપરિક રીતે સચવાતું આવ્યું છે. એમાં સમસ્ત માનવજીવનના દુઃખ-દર્દો, હર્ષ-ઉલ્લાસ, ગમા-અણગમા, પ્રસન્ન દામ્પત્ત્ય, વિરહ અને મિલન, કન્નેડાનાં કલહને શોક્યનાં સાલ, વડાછડને મીઠો ઝઘડો, વેરણ ચાકરી, અબોલા, રૂસણાં-મનામણાં, સાસુ-નણંદના

૧૮. પારધી, ડૉ. જીવરાજ અને દેશાળી, પ્રા. પ્રવીણ. લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ વિમર્શ, પા.નં. ૧૦૩

ત્રાસ, કવળાં-સાસરિયા, મેણાના માર, તપ, ત્યાગ, શૌર્ય, બલિદાન, ટેક, માતૃત્વની ઝંખના, વરત-વરતુલા ને ભક્તિ - એમ અપાર ભાર સંક્રમણોનું વૈવિધ્ય લોકસંગીત દ્વારા પ્રગટ થતું જોવા મળે છે.

આ અપાર વૈવિધ્યને આપણે પાંચ વર્ગમાં વહેંચી શકીએ. (૧) લોકગીતો (૨) લોકવાર્તા (૩) લોકનાટ્ય (ભવાઈ) (૪) પ્રકીર્ણ લોકસાહિત્ય (કહેવાતો, વરત, ઉખાણાં, છંદો, લોકોક્તિઓ, હાલરડાં, જોડકણાં, રમત-ગીતો વગેરે) (૫) લોકનૃત્ય.

### ૩.૭.૧ લોકગીતો :-

લોકગીતોએ ઉત્તર ગુજરાતના લોકસાહિત્યમાં ભાવ વૈવિધ્યની દૃષ્ટિએ, પ્રકારોની દૃષ્ટિએ, સંખ્યાની દૃષ્ટિએ અને લોકપ્રિયતાની દૃષ્ટિએ સૌથી વિશેષ સ્થાન ધરાવે છે. માનવ સ્વભાવની નાની-મોટી તમામ ખાસિયતો લોકગીતોમાં પ્રતિબિંબિત થઈ છે. પ્રદેશની પ્રાકૃતિક, સામાજિક, ધાર્મિક અને ઐતિહાસિક વિશિષ્ટતાઓ આ લોકગીતોમાં ઊતરી આવે છે. એક લાંબા સુવિશાળ ક્ષેત્રને આવરી લેતી સંસ્કાર પરંપરાએ લોકગીતોમાં કલાદેહ ધારણ કર્યો છે. જેનું અનેક દૃષ્ટિકોણથી વર્ગીકરણ-વિભાગીકરણ થઈ શકે છે.

'લોકગીત' સંજ્ઞા પણ બૃહત્કૂળ ધરાવે છે. આથી એની આંતરબાહ્ય શબ્દઘટના એના પેટાપ્રકાર પ્રમાણે ક્યાંક બદલાય છે. જીવનચક્ર અને ઋતુચક્રમાં તે અનેક રીતે અને રૂપે પારંપરિકગીતો સંકળાયેલા છે. અને તેમાં અનુષ્ઠાન, વિવિધ અને મનોરંજન સંદર્ભે વિવિધ પ્રકારો જોવા મળે છે.

### ૩.૭.૧.૧ વિશિષ્ટ લક્ષણવાળાં લોકગીતો :-

આપણે ત્યાં કેટલાક ગીતો એવા છે કે જે એકથી વધુ વિભાગમાં મૂકી શકાય. એટલે વર્ગીકરણ અને વિભાગીકરણમાં મતભેદો રહેશે. તેમ છતાં વિવિધ ભેદ અવસ્થાઓ, જાતિઓની દૃષ્ટિએ આપણે તેનું મૂલ્યાંકન કરી શકીએ.[૧૯]

**(૧) જુદી-જુદી અવસ્થાઓ પ્રમાણે :**

લોકગીતોમાં વિભાગીકરણમાં મુખ્ય પાંચ અવસ્થાઓ ગણી શકાય. બાલ્યાવસ્થા,

---

૧૯. રાજ્યગુરુ, ડૉ. નિરંજન. ગુજરાતનો સમૃદ્ધ વાઙમય વારસો, પા.નં. ૩૦

કિશોરાવસ્થા, યુવાવસ્થા, પ્રોઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા. આ પાંચ અવસ્થાઓ પ્રમાણે જે - તે અવસ્થાઓમાં ગવાતા લોકગીતોના પણ પાંચ વિભાગ પાડી શકાય.

**(૨) જુદી-જુદી જાતિઓ પ્રમાણે :**

આપણે ત્યાં અનેક જાતિઓ - જ્ઞાતિઓ વસવાટ કરે છે. દરેક જાતિની ખાસિયતની કેટલીક વિશિષ્ટતાઓ હોય છે. લોકગીતોમાં પણ એ ભિન્ન ભિન્ન જાતિઓની ભિન્ન ભિન્ન વિશિષ્ટતાઓ દેખાઈ આવે છે. જુદી-જુદી જાતિઓમાં ગવાતું એક જ લોકગીત અવનવા ઢાળ અને રૂપાંતર પઠાંતર રજૂ કરતું હોય છે. આપણા લોકગીતોને વ્યક્ત કરતી જુદી-જુદી જાતિઓ જેવી કે - મેર, રબારી, ગરાસિયા, ખારવા, ચારણ, સરાણિયા, કણબી, કોળી, હરિજન, વાઘરી, લુહારિયા, તુરી, બારોટ, છારા, સેનવા, આહિર, બજાણિયા, ઠાકરડા, બારૈયા, નાથબાવા, ભરથરી, ખાંટ, વાણંદ, દરજી, સુથાર, લુહાર, બ્રાહ્મણ, વાણિયા, કાઠી, રાજપૂત, કુંભાર, રાવળિયા, ઘાંચી, રબારી, ભરવાડ વગેરે જાતિઓના ભિન્ન ભિન્ન લોકગીતોને વર્ગીકૃત કરી શકાય.

**(૩) પ્રદેશ ભેદ :**

જૂના સમયમાં ગુજરાતમાં જે જુદા-જુદા પ્રદેશોના વિભાગોનાં નામ પ્રચલિત હતા. એ મુજબ ગુજરાતની ઉત્તર આવેલા મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાનો વિસ્તારના જુદા-જુદા પંથકોને પરંપરાથી જુદા-જુદા નામોથી ઓળખવામાં આવે છે. જેમકે - પાટણ આસપાસનો પાટણવડો, બહુચરાજી આજુબાજુનો ચુવાળ, ખેરાલુથી ઉત્તર આવેલો ગઢવાડો, દાંતાની આસપાસનો દાંતોર, પાલનપુર-વડગામ વચ્ચેનો પ્રદેશ તે ધાંધાર (ધાન્ધાર), સમી-હારિજ આસપાસનો વઢિયાર, થરા-શિહોરી આસપાસનો કાંકરેજ, કડી-કલોલનો કેટલોક ભાગ ખાખરિયા ટપ્પો, ઈડર-વડાલી આસપાસનો દેહ કે દેહ પ્રદેશ, તો રાધનપુરથી પશ્ચિમનો પ્રદેશ વાગડ કહેવાય છે. લોકગીત, લોકકથા કે લોકપરંપરાથી તમામ સામગ્રી જે-તે પંથકો કે પ્રદેશોમાં પરંપરાગત નામોથી ઓળખાય છે, ગવાય છે.

**(૪) વિષયવસ્તુની દ્દષ્ટિએ :**

વિષયવસ્તુની દ્દષ્ટિએ લોકગીતોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. (૧) ધાર્મિક કથાવસ્તુ ધરાવતા લોકગીતો (૨) સામાજિક કથાવસ્તુ ધરાવતા લોકગીતો (૩) ઐતિહાસિક કથાવસ્તુ ધરાવતા

લોકગીતો એ રીતે ત્રણ મુખ્ય પ્રકારોમાં વહેંચ્યા પછી લોકગીતોને અનેક પેટા વિભાગમાં વહેંચી શકાય.

**(૫) વિભિન્ન રસાનુભૂતિ પ્રમાણે :**

જુદા-જુદા રસોના અનુભવ પ્રમાણે મુખ્ય પાંચ પ્રકારો આપી શકાય. શ્રુંગાર રસના ગીતો, વીરરસના ગીતો, હાસ્યરસના ગીતો, કરૂણરસના ગીતો અને શાંતરસના ગીતો. જો કે આપણાં લોકગીતોમાં કરુણ, શ્રુંગાર અને શાંતરસના ગીતોનું પ્રમાણ વધુ છે.

**(૬) યોનિભેદ પ્રમાણે :**

લોકગીતોને યોનિભેદ પ્રમાણે પુરુષના ગીતો અને સ્રીઓનાં ગીતો એમ બે વિભાગમાં વહેંચી શકાય.

**(૭) સ્વરૂપભેદની દ્દષ્ટિએ :**

સ્વરૂપભેદની દ્દષ્ટિએ લોકગીતનાં ઘણા પ્રકારો પાડી શકાય. લગ્નગીતો, ઉર્મિગીતો, રાસ, રાસડા/કથાગીતો, ભજનો, સ્તવનો, પદ-કીર્તન-ધોળ, રામાવાળા, ચંદ્રાવળા, કૃષ્ણાવળા, દુહાઓ, ઉખાણાં, સલોકા, આરણ્યું, સરજું, મરશિયાં, રાજિયાં-છાજિયા, પહેરા, વાર, તિથિ, મહિના, કક્કા, છંદ, ગરબા, ગરબી, છકડિયા, ડીંગ, પબેડા વગેરે.

**(૮) પ્રકૃતિભેદની દ્દષ્ટિએ :**

આ દ્દષ્ટિએ લોકગીતોના મુખ્ય ચાર વિભાગો પાડી શકાય છે. (૧) પ્રાસંગિક : ભિન્ન ભિન્ન પ્રકારના પ્રસંગો સાથે સંબંધ ધરાવતાં ગીતો (૨) ઉત્સવ ગીતો (૩) વ્યવસાય કે કામ સાથે સંબંધ ધરાવતા ગીતો (૪) ધંધાદારીઓનાં ગીતો.

**(૯) ઉપયોગિતાની દ્દષ્ટિએ :**

(૧) શ્રમ કે મહેનતનું પ્રમાણ વધારનાર, થાકનો બોજો હળવો કરનાર (૨) કમાણીનું સાધન બનનાર (૩) ગમ્મત સાથે જ્ઞાન પીરસનાર (૪) જુદા-જુદા પ્રદેશો, પ્રસંગો, વ્યક્તિઓ વિશે માહિતી આપનાર (૫) જુદા-જુદા પ્રદેશોના લોકસમાજની સંસ્કૃતિ, રહેણીકરણી, ભાષા, રીતરિવાજો, અંધશ્રદ્ધાઓ વગેરેનું અધ્યયન કરતા લોકગીતો (૬) માનવીના અંતરનો ઉલ્લાસ કે અતૃપ્ત આકાંક્ષાઓ-ઈચ્છાઓને શાબ્દિક રૂપે પ્રગટ કરી હતાશા, નિરાશાનું પ્રમાણ ઘટાડનારાં

લોકગીતો, કેટલાક આને પ્રકીર્ણ તરીકે પણ વિભાજિત કરે છે.

**(૧૦) અવસ્થાભેદ મુજબ :**

(૧) બાલ્યાવસ્થા : હાલરડાં અને જોડકણાં, બાળગીતો વગેરે.

(૨) બાલિકાસ્થા અને યુવાવસ્થા : વ્રતગીતો, રમતગીતો, ઉખાણાં અને ખાયણાં ગોર્યવ્રતના ગીતો, મેળાકતનાં ગીતો, દેદાનાં ગીતો, ''ચણચણ બગલી ચણાની દાળ અને ધમાલ ગોટો ધૂ ધૂ થાય... જેવાં રમતગીતો અને પ્રકૃતિ ગીતો, પશુપંખીનું જ્ઞાન આપતા ઉખાણાં અને ખાયણાં વગેરેનો સમાવેશ આમાં થાય છે.

(૩) યુવાવસ્થા : યુવાવસ્થાના ગીતોને ત્રણ વિભાગમાં વહેંચીએ તો તેમાં સામાજિક, ધાર્મિક અને ઐતિહાસિક વિષયવસ્તુ ધરાવતાં ગીતોનો સમાવેશ થાય છે.

**૩.૭.૧.૨ ધાર્મિક :**

ધર્મના તત્ત્વો અને ધાર્મિક વિષય ધરાવતા લોકગીતો, જેમાં કથાગીતો અથવા રાસડા, સંસ્કારગીતોનો સમાવેશ થાય છે. ધાર્મિક વિધિઓમાં ગવાતાં ગીતોમાં ગણપતિ સ્થાપનનાં ગીતો, રાંદલનાં ગીતો, ગોર્યમાંના ગીતો, તુલસી વિવાહના ગીતો, નવરાત્રિનાં ગરબા, લોક દેવોની ઉપાસના સમયે ગવાતા નાગદેવતાનાં, શીતળામાતાનાં, વૃક્ષોની પૂજા, જળાશયની પૂજા કે વિવિધ વ્રતો અને તહેવારો સમયે ગવાતા ધાર્મિક ગીતો વગેરેનો સમાવેશ થાય છે. સંસ્કારગીતોમાં સીમંત અથવા ખોળો ભરતાં, ગર્ભવતીને રાખડી બાંધતા, બાળકના જન્મ પછી છઠ્ઠા દિવસે છઠ્ઠી કર્મ સમયે, નામકરણવિધિનાં, યજ્ઞોપવિત સમયના, સગાઈ, ચૂંદડી ઓઢાડતી વખતે અને લગ્નપ્રસંગના વિવિધ સમયે ગવાતાં ગીતો, શુભકાર્યો કરતી વખતે ગવાતા મંગળગીતો, મૃત્યુ સમયે છાજિયા, રાજિયા, મરશિયાં વગેરે ગીતોનો સમાવેશ થાય છે.

**૩.૭.૧.૩ સામાજિક :-**

સામાજિક વિષયમાં સાંસારિક ગીતોનો સમાવેશ થાય છે. જેમાં દામ્પત્ય જીવનની મધુરતા વર્ણવતા ઊર્મિગીતો, રાધાકૃષ્ણ કે રામસીતાને નામે, પતિ-પત્નીના વ્હાલભર્યા રસિક જીવનનું ચિત્રણ કરતાં ગીતો, રુસણાં, અબોલા, વેરણચાકરી, ક્રુરતા, તકરાર, કજોડાં કે સાંસારિક મુશ્કેલીઓનું આલેખન કરતા કરુણ ગીતો, કોડભરી વહાવરુ અને કવળાં સાસરિયાંની કહાણી,

સાસુના સીતમ, સંયુક્ત કુટુંબની કુરુઢિઓ, મેણાંનામાર, દિયર-ભોજાઇ, નણંદ-ભોજાઇ વગેરેના ગીતો, શોક્યનું સાલ, બંધુપ્રેમ, ભગિનીપ્રેમ, માતૃપ્રેમ કે પિતૃપ્રેમના આદર્શો રજૂ કરતાં 'બાર બાર વચ્ચે નવાણ ગળાવ્યાં...' જેવા કારુણ્ય અને વીરત્વસભર ગીતો, પતિપ્રેમથી વંચિત રહેલી ખારવણોના મનોવેદના વર્ણવતા વિરહગીતો અને પરિકયા પ્રેમસંબંધો વ્યક્ત કરતાં વિવિધ ગીતો, શારીરિક કામને હળવો કરતા શ્રમહારી ગીતો જેમાં ટીપણીનાં ગીતો, દળણું દળતી વખતે ગવાતાં પ્રભાતિયાં, પાણી ભરતી વખતે ગવાતાં.... ''સાયબા હુ રે તાંબાની હેલ્યે પાણીડાં નૈભરું'' જેવા મનોરંજક ગીતોનો સમાવેશ થાય છે.

(૩) પ્રૌઢાવસ્થા : જેમાં સ્ત્રીઓના વરતવરતુલાનાં ગીતો, ધોળ, મંગળ આરતી, થાળ, આંબો, હમચી, શણગાર, ધૂન, કીર્તન વગેરે પ્રકારનાં લોકગીતોનો સમાવેશ થાય છે. એ સિવાય વ્રતોનો જાગરણ સમયે ગવાતાં ગીતો, મહિના, તિથિ, વાર, પહોરા, કડકા વગેરે નામ ધરાવતા ભક્તિગીતોનો આ વર્ગમાં સમાવેશ થાય છે.

(૪) વૃદ્ધાવસ્થા : વૃદ્ધાવસ્થામાં સ્ત્રીઓમાં ગવાતા લોકગીતોમાં શાંતરસની આરાધના કરતાં પદો, ભજનો, ધૂત, કીર્તન વગેરેનો સમાવેશ થાય છે.

### ૩.૭.૧.૪ ઐતિહાસિક :-

વિષયવસ્તુ ધરાવતા રાસડાઓ અને કથાગીતો. જેમાં ઈતિહાસના વિવિધ પાત્રોનું પ્રસંગ અને વર્ણન હોય. જસમા ઓડણ, સધરોજેસંગ, મેનાગુર્જરી, રાજા ગોપીચંદ, રાજા ભરથરી બહારવટિયાઓના શૌર્યના વર્ણનો કરતા રાસડાઓ, છપ્પનીઓ કાળ, ભોગાવાની રેલ કે વિનાશકારી આપત્તિના વર્ણનો ધરાવતાં ગીતોનો સમાવેશ આમાં થાય છે.

શ્રી કનુભાઈ જાનીએ 'લોકગીત : તત્ત્વ અને તંત્ર'માં લોકગીતોની તાલિકા તૈયાર કરી છે. જે આ પ્રમાણે છે.[૨૦]

**લોકગીતો**

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| **સંસાર અને સંસ્કાર સંબંધી** | **ઋતુ** | **વ્રત** | **શ્રમ** | **પ્રકીર્ણ** |
| * જન્મ | * ભડળી/વર્તારા | * તુલસી | * કોશ હાંકતા | * મુક્તકો |
| * હાલરડાંને બાળગીતો | * ગોપ દુહા-સોરઠા વગેરે | * ગૌરી | * ખાંડતાં-દળતાં | * સમસ્યા |
| * સીમંત | * વાર, તિથિ મહિના વગેરે | * વટ-સાવિત્રી | * ટીપતાં (ટીપણી) | * દુહા સોરઠા |
| * રાંદલ | * નવરાત્રિ | * શીતળા-સાતમ વગેરે | * વાવણી | * રમતગમત |
| * જનોઈ | | | * હાંબેલા | * બુદ્ધિચાતુરી |
| * મરશિયા | | | * મારતાં (રબારી ભરવાડ વગેરે) | |
| * લગ્ન | | | | |
| * સ્નેહ | | | | |
| * સ્ત્રી-પુરુષ ભાઈ-બહેન વાત્સલ્ય વગેરે | | | | |

### ૩.૭.૨ લોકવાર્તા :

ઉત્તર ગુજરાતની લોકપરંપરાઓમાં લોકગીતો પછી અત્યંત લોકપ્રિય પ્રકાર જો કોઈ હોય તો તે લોકવાર્તા છે. લોકવાર્તાઓનો ઉદ્‌ભવ અત્યંત પ્રાચીન સમયમાં થતો હશે, તેવું માનવામાં આવે છે. લોકવાર્તાના અનેક પ્રકારો જોવા મળે છે. જેમકે - બાળકથા, પ્રેમકથા, વ્રતકથા, હાસ્યકથા, કહેવતો કે દષ્ટાંતકથા, શૌર્યકથા, ચમત્કારલક્ષી અદ્‌ભૂતકથા, દંતકથા, શિકારકથા, સાહસકથા, સંતકથા વગેરે. વસ્તુની દષ્ટિએ ધાર્મિક, પૌરાણિક, ઐતિહાસિક, અર્ધ ઐતિહાસિક, કલ્પિત કે કાલ્પનિક, ચમત્કારિક, રાજનૈતિક અને આધુનિક વિષયવસ્તુ ધરાવતી વાર્તાઓનો સમાવેશ થાય છે. જ્યારે ઉદ્દેશની દષ્ટિએ ઉપદેશ માટે, મનોરંજન માટે, ધર્મસંપ્રદાયબોધ માટે

---

૨૦. જાની, ડૉ. બળવંત. લોકગીત : તત્ત્વ અને તંત્ર, સંપાદક-ગુજરાત સાહિત્ય અકાદમી, પા. નં. ૩૦

અને બુદ્ધિના વિકાસ માટે રચાયેલી વાર્તાઓનો સમાવેશ થાય છે. વિષયની દૃષ્ટિએ શૌર્યપ્રધાન, પ્રેમપ્રધાન, હાસ્યપ્રધાન, નીતિપ્રધાન, કુતૂહલપ્રેરક, નિર્વેદપ્રધાન, ભક્તિપ્રધાન વાર્તાઓ, દેવી-દેવતા સંબંધી, રાક્ષસ-રાણી સંબંધી, પ્રિયતમ-પ્રિયતમા સંબંધી, પશુ-પક્ષી-પ્રાણી સંબંધી, રાક્ષસ-ભૂતપ્રેત, ચૂડેલ સંબંધી, જાદુ મંત્ર-તંત્ર સંબંધી, સાધુ-ફકીર-સંત સંબંધી, શિકાર, બલીદાન કે વીરતાભર્યા પ્રસંગો સંબંધી વાર્તાઓ, હિન્દુ ધર્મ, ખ્રિસ્તીધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ, મુસ્લિમધર્મ સંબંધી વાર્તાઓ. કદની દૃષ્ટિએ લાંબી, ટૂંકી, સરળ, જટિલ, દુહાબદ્ધ કે ટુચકા પ્રકારની વાર્તાઓ, રસની દૃષ્ટિએ શૃંગાર, વીર, અદ્‌ભૂત, શાંત, કરુણ, હાસ્ય કે ભક્તિરસની વાર્તાઓ, કાળની દૃષ્ટિએ પ્રાચીન, મધ્યકાલીન કે અર્વાચીન સમયની વાર્તાઓ, પ્રકૃતિની દૃષ્ટિએ સર્વદેશીય અને સ્થાનીય વાર્તાઓ જેમાં ઘટનાપ્રધાન, પાત્ર કે ચરિત્રપ્રધાન, ભાવનાપ્રધાન, પ્રભાવપ્રધાન કે વિવિધ વિધાનપ્રધાન વાર્તાઓ ગણી શકાય.

**લોકવાર્તા**[૨૧]

↓

| **નામકરણ અથવા સંબોધનની દૃષ્ટિએ** | **વસ્તુની દૃષ્ટિએ** | **ઉદ્દેશની દૃષ્ટિએ** | **વિષયની દૃષ્ટિએ** |
|---|---|---|---|
| બાળકથા | ધાર્મિક | ઉપદેશ માટે | શૌર્યપ્રધાન |
| પ્રેમકથા | પૌરાણિક | મનોરંજન માટે | પ્રેમપ્રધાન |
| વ્રતકથા | ઐતિહાસિક | ધર્મ-સંપ્રદાય માટે | હાસ્યપ્રધાન |
| હાસ્યકથા | અર્ધઐતિહાસિક | બુદ્ધિના વિકાસ માટે | નીતિપ્રધાન |
| કહેવતો-દૃષ્ટાંતકથા | કલ્પિત કે કાલ્પનિક | | કુતૂહલપ્રેરક |
| શૌર્યકથા | ચમત્કારીક | | નિબંધપ્રધાન |
| ચમત્કારલક્ષી | રાજનૈતિક | | ભક્તિપ્રધાન |
| અદ્‌ભૂતકથા | આધુનિક વિષયવસ્તુ ધરાવતી વાર્તાઓ | | દેવી-દેવતા સંબંધી |
| દંતકથા | | | રાજા-રાણી સંબંધી |
| શિકારકથા | | | પ્રિયતમ-પ્રિયતમા સંબંધી |
| સાહસકથા | | | પશુ-પ્રાણી-પક્ષી સંબંધી |
| સંતકથા | | | રાક્ષસ-ભૂત, પ્રેત, ચૂડેલ |
| | | | જાદુ-મંત્ર-તંત્ર સંબંધી |

૨૧. જાની, ડૉ. બળવંત. લોકગીત : તત્ત્વ અને તંત્ર, સંપાદક - ગુજરાત સાહિત્ય અકાદમી, પા. નં. ૩૨

કથનશૈલીની દષ્ટિએ લોકવાર્તાઓ તપાસીએ તો તેમાં -

**૩.૭.૨.૧ પરંપરાગત સામાજિક કથનરીતિની વાર્તાઓ :-**

જેમાં દાદીમાની-દાદાજીની વાર્તાઓ, વ્રતકથાઓ, બાળવાર્તાઓ, ટુચકાઓ, કહેવત, કથાઓ વગેરે ગદ્યમાં કે પદ્યમાં રજૂ થતી વાર્તાઓ છે.

**૩.૭.૨.૨ વ્યવસાયી વાર્તાઓ :**

જેમાં ચારણી શૈલીની, ડાયરામાં કહેવાતી લોકવાર્તાઓ વગેરે ગણી શકાય. જે વાદ્ય સાથે કે વાદ્ય વિના માત્ર ગદ્યમાં કે વચ્ચે વચ્ચે બીજી અનેક નાની મોટી વાર્તાઓ - ટુચકાઓ આવતા જાય, વિવિધ રસ ઉત્પન્ન કરવા અને રસ જમાવતા દષ્ટાંતરૂપે આડકથાઓ પણ આવતી જાય એવી સભારંજની શૈલીની કંઠ કહેણી અને કાવ્ય, શબ્દ, સૂર અને સંગીત એ ત્રણે તત્ત્વોનો સમન્વય સાધીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતી વાર્તાઓ આવે છે.

**૩.૭.૨.૩ બારોટ શૈલીની વાર્તાઓ :**

જેમાં સિતાર જેવા તંતુવાદ્ય સાથે રજૂ થતી બારોટ, રાવળ, ઢાઢી, મીર, લંઘા જેવી યાચક જાતિઓ દ્વારા વાર્તાની રજૂઆત થતી હોય છે. રાવણહથ્થા, સુંદરી કે રવાજ જેવા તંતુવાદ્યો સાથે રજૂ થતી હરિજન, બારોટ, તૂરી વગેરે જાતિઓની શૈલીની લોકવાર્તાઓ આવે છે.

(૪) ભાંડ, વહીવંચા, ભરથરી, નાયક, બહુરૂપી, મદારી વગેરે વિશિષ્ટ જાતિઓની પોતપોતાની વિશિષ્ટ કથનશૈલી ધરાવતી લોકવાર્તાઓ છે.

(૫) ભવાઈ રજૂ કરતાં પહેલા 'બેસણા સમયે' તરગાળા - ભવાયા જાતિના કલાકારો દ્વારા રજૂ થતી ભવાઈશૈલીની વાર્તાઓ.

(૬) કથાકાર બ્રાહ્મણો દ્વારા રજૂ થતી આખ્યાનશૈલીની વાર્તાઓને લોકવાર્તાઓમાં વહેંચી શકાય.

ઉત્તર ગુજરાતની લોકકથાઓ કયાં અને કેટલી સંપાદિત - પ્રકાશિત થઈ છે, તેના પર દષ્ટિ કરીએ તો કહી શકાય કે લોકસાહિત્યમાળાના મણકા ૧ થી ૧૪માં ડૉ. શાંતિલાલ આચાર્યના 'હેંડોવાત મોંડીએ' (ઈ.સ. ૧૯૯૦)માં શ્રી જયંતિલાલ દવેના સંગ્રહમાં અને ડૉ. ભગવાનદાસ પટેલ

સંપાદિત ખેડબ્રહ્માના આદિવાસી સાહિત્યમાં તથા ઈ.સ. ૨૦૦૧માં પ્રગટ થયેલા 'આપણા ઓઠાં' માં તથા એના બીજા વિવિધ સંગ્રહોમાં ઉત્તર ગુજરાતની લોકકથાઓ પ્રકાશિત થઈ ચૂકી છે.[૩] ઉત્તર ગુજરાતની આદિવાસી કથાઓમાં તો ડૉ. શાંતિભાઈ આચાર્યથી શરૂ કરી ડૉ. ભગવાનદાસ પટેલ સુધીના વિદ્વાનોનાં કાર્યોમાં આ ક્ષેત્રમાં ખૂબ મોટું કામ થયું છે. ડૉ. ભગવાનદાસ પટેલની ૧૦ કથાઓનું પૃથક્કરણ 'ભીલોના ભારથ', 'રોંમ સીતામાની વાર્તા', 'રાઠોર વારતાં', ડૉ. શાંતિભાઈ આચાર્યના 'હેંડો વાત મોંડીએ' તથા વાર્તાકથક ચંદૂર (સમી) વરસંગભાઈ રતુભાઈ નાડોદાની 'જટા હલકારા', ડૉ. અમૃત પટેલની 'ઓઠાંનો સંચય', 'સરસ્વતિને કાંઠે', 'મું તો ઢોલે રમું' વગેરે કથાવાર્તાઓ દ્વારા ઉત્તર ગુજરાતમાં લોકસાહિત્ય પર કામ થયું.

ઉત્તર ગુજરાતમાં લોકવાર્તાના સંપાદક ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ફ.બ.થી લઈ આજના પ્રા. પ્રાંજલિ પટેલના 'સૂર્યલોક' સુધી થતા ગયા છે.

ઉત્તર ગુજરાતનું લોકકથા સાહિત્ય સત્વશીલ, શાસ્ત્રીય અને ભારતીય જીવનમૂલ્યોના તેજથી ઝગારા મારે છે.[૨૨]

ડૉ. શાંતિભાઈ આચાર્યએ તેમના ગ્રંથ 'હેંડો વાત માંડીએ' કુલ ૪૮ કથાઓ મૂકેલી છે. એમાંથી સાબરકાંઠાની ૧૦, બનાસકાંઠાની ૧૫ અને મહેસાણાની ૧૮ જેટલી કથાઓ સંપાદિત થયેલી છે. ત્યારબાદ ડૉ. ભગવાનદાસ પટેલએ ૪૦ જેટલા ગ્રંથો પ્રકાશિત કરી ચૂક્યા છે. તેમણે ખેડબ્રહ્મા તાલુકાના વનવાસીઓના – ડુંગરી ભીલ જાતિના મૌખિક સાહિત્યને સંપાદિત કરવાનું કાર્ય હતું. ભગવાનદાસની લોકવાર્તા વિષયની વાત કરીએ તો 'અરવલ્લી લોકની વહી વાતો'માં ચાર ધાર્મિક કથાઓને બાદ કરીએ તો બાકીની બધી ભીલી અને માન્યભાષામાં 'કૉણીઓ' મૂકી છે.

આ બે સંપાદકોના અનુગામીઓમાં સૌપ્રથમ અમૃત પટેલનું નામ લેવું પડે. લોકવાર્તાઓના સંદર્ભે તેમના બે સંપાદનો મળે છે. ૧. સરસ્વતીને કાંઠે ૨. 'આપણાં ઓઠાં'. પ્રથમગ્રંથમાં ૧૪ કથાઓ મૂકી છે અને એમના બીજા પુસ્તક 'આપણાં ઓઠાં' (ઈ.સ. ૨૦૦૧)માં એકસો દસ ઓઠાં સંગ્રહિત કર્યા છે. બીજા નોંધપાત્ર સંપાદકોમાં શ્રી જયંતીલાલ દવેએ બે લોકવાર્તાના સંપાદનો – સંશોધનો પ્રગટ કર્યા છે. ૧. ઉત્તર ગુજરાતની લોકવાર્તાઓ, ૨. 'લોકવાર્તાની લહેર ઉત્તર

૨૨. ઉત્તર ગુજરાતની લોકકથાઓ, પૃ. ૧૭૩

ગુજરાતે' જેમાં પ્રથમ પુસ્તકમાં આઠેક કથાઓ મૂકી છે. જયંતિલાલ દવેના અનુગામીઓમાં પ્રતાપસિંહ રાઠોડે ઈ.સ. ૨૦૦૩માં 'જવારા' નામે લોકવાર્તાઓનો સંગ્રહ પ્રકાશિત કર્યો હતો. આ ઉપરાંત લોકસાહિત્યના અઠંગ અભ્યાસી શ્રી પુષ્કર ચંદરવાકરે 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ' શિર્ષકથી ઈ.સ. ૧૯૯૩માં પુસ્તક પ્રકાશિત કર્યું. જેમાં તેમણે ૧૫ કૃતિઓ મૂકી છે. આ ઉપરાંત બીજા બે સંપાદકો ૧. શ્રી કનુભાઈ જાની અને ૨. શિવદાન ગઢવી એ ઉત્તર ગુજરાતને લગતા એકાધિક લોકવાર્તાઓનાં પુસ્તકો પ્રકાશિત કર્યા છે. એમાંનું 'લોક હૈયાં ભીનાં ભીનાં'માં બનાસકાંઠાની સંગ્રહિત થયેલી ૨૨ લોકવાર્તાઓ મૂકી છે. આ જ રીતે 'ઉત્તર ગુજરાતની અસ્મિતાં' ગ્રંથમાં સહસંપાદક શ્રી કનુભાઈ જાનીએ ૨૪ લોકકથાઓ સંપાદિત કરી છે. શિવદાન ગઢવીના ત્રણ ગ્રંથોની વાત કરીએ તો 'સૂરાપૂરા તારાં સંભારણાં', 'ખાંભીએ ચઢવા સિંદૂર' અને 'ખાંભીએ નમે શીર' આ ત્રણ ઉત્તર ગુજરાતની લોકકથાઓ કહે છે. આ ઉપરાંત પાલનપુર પ્રદેશના મુરાદખાન ચાવડા તથા મફત રણેલાકરનું આ ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન છે. 'ધાણધારનું ધાવણ' (ઈ.સ. ૧૯૮૫) પુસ્તકમાં ૧૫ કથાઓ મૂકી છે. 'પાલનપુરના પાળિયા' (ઈ.સ. ૧૯૯૬)માં કુલ ૨૩ કથાઓ છે. આ જ પ્રકારના એકાધિક સંપાદનો આપનાર શ્રી મફતભાઈએ 'રૂપેણની રસધાર', 'પાણા ઝાઝાને પીર થોડા', 'રંગ છે ગઢવા', 'રૂપેણ કાંઠાની લોકકથાઓ', 'રૂપેણ કાંઠાની સતીઓ', 'મડદાં ઝાઝાંને મીર થોડા', 'ગુજરાતની સરજૂ કથાઓ', 'રૂપેણ કાંઠાના શૂરવીરો' વગેરે ગ્રંથોમાં બહોળું કામ કર્યું છે. આ ઉપરાંત ડાહ્યાલાલ બ્રહ્મભટ્ટ એ 'વિવિધ લોકકથાઓ' અને 'ગુજરાતની લોકકથાઓ'માં ઉત્તર ગુજરાત વિસ્તારની પ્રસંગ આધારિત કથાઓનો સમાવેશ કર્યો છે. આ ઉપરાંત ડૉ. પ્રાંજલિ પટેલએ 'સૂર્યલોક'માં ૨૯ લોકકથાઓ સંપાદિત કરી છે અને અમૃત પટેલ દ્વારા 'ચૌદ લોક', 'લોકજાણશ' અને 'અમીલોક' ત્રણ પુસ્તકો સંપાદિત કર્યા છે.[૨૩]

૨૩. યાજ્ઞિક, હસુ. લોકમહાકાવ્ય અને બીજા લેખો, પા.નં. ૨૫૩

### ૩.૭.૩ લોકનાટ્ય – ભવાઈ :-



૩.૨૭ ભવાઈ–ગાયક

લોકસંસ્કૃતિઓમાં ગીત, વાર્તાઓની સાથે સાથે લોકનાટ્ય સ્વરૂપ પણ પ્રદેશભેદે, રામલીલા, જાત્રા, નૌટંકી, તમાશા, રાસલીલા, ભવાઈ કે રામામંડળના નામે જુદા-જુદા સ્વરૂપે પ્રાપ્ત થાય છે. ઉત્તર ગુજરાતનું પ્રાદેશિક લોકનાટ્ય તે ભવાઈ, ભવાઈની રજૂઆત એક ચોક્કસ જાતિ દ્વારા (ભવાયા, તરગાળા, વ્યાસ કે નાયક જાતિના કલાકારો દ્વારા) કરવામાં આવે છે. ગુજરાતની લોકનાટ્ય પરંપરા ભવાઈથી બંધાઈ હશે અને ભવાઈ વેશોમાં આદ્યપુરુષ અસાઈત ઠાકરને માનવામાં આવે છે. પરંતુ અસાઈતના સમય પહેલાં પણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં લોકનાટ્યની જૂની પરંપરા સચવાઈ હશે તેવા નિર્દેશો પ્રાચીન મંદિરોના શિલ્પ-સ્થાપત્યોમાં મળતા ભવાઈ કલાકારોમાં શિલ્પો પરથી મળી આવે છે. એમાં ભૂંગળ વગાડનાર, ઝાંઝા, પખાવજ, વગાડનાર અને અરીસામાં મોઢું રાખીને વિવિધ અભિનય કરનાર લોકોના શિલ્પો જોઈ શકાય છે. આપણી



૩.૨૮ ભવાઈ-વેશ

ભવાઈનો ઉદ્ભવ પણ શક્તિ ઉપાસનાના માધ્યમ માટે થયો હશે એમ માનવમાં આવે છે. ગાયન, વાદન, નર્તન અને સાથોસાથ પ્રસંગકથનની આ કળાની ઉત્પત્તિ પણ અત્યંત પ્રાચીન સમયમાં ધાર્મિક વિધિ-વિધાનોના ભાગરૂપે થઈ હશે અને પછીથી તેમાં ધીરેધીરે ખબૂ જ પરિવર્તન આવી ગયું હશે.

ભવાઈના વેશો જે સ્થળે ભજવવાના હોય તે મેદાનને 'ચાચર ચોક' કહે છે. પ્રારંભની દેવદેવીની સ્તુતિ પૂરી થાય છે કે 'આવે ગણેશ દેવા', 'ગણેશ તો દૂંદાળા અને ફાંદાળા છે તે પટમાં થોડીવાર વગર સંવાદે નાચી જાય છે અને ત્યારબાદ ભવાઈ પ્રારંભે છે. જેમાં ભિન્ન ભિન્ન વિષયના વેશો આવે છે. ભવાઈના ભજવાતા વેશોનું પૃથક્કરણ કરીએ તો મુખ્યત્વે વેશના વિષયોને ચાર વિભાગમાં વિભક્ત કરી શકાય છે. (૧) પૌરાણિક (૨) ઐતિહાસિક (૩) દંતકથાઓ પર નિર્ભર કથામાંથી તૈયાર કરેલા વેશો (૪) સામાજિક.

પૌરાણિક વિષયોમાંથી પસંદ કરાયેલ વેશોમાં શંકરનો વેશ, કાનગોપીનો વેશ, રામરાવણનું યુદ્ધ, બહુચરમા, અર્ધનારીશ્વર જેવા વેશો છે. ઐતિહાસિક વસ્તુ પર આધારિત વેશોમાં જસમા ઓડણ, સધરા જેશંગને રાણકદેવીને ગણાવી શકાય. અર્ધ-ઐતિહાસિક વેશોમાં રાજા ભરથરી જેવા વેશોને મૂકી શકાય. સામાજિક વેશોમાં બ્રાહ્મણનો વેશ, વોરાનો વેશ, પુરળિયાનો વેશ, હીરાલાલ લાંચિયાનો વેશ, કુંભારનો વેશ, ફૂલવાડી-લાલવાદીનો વેશ, બાવાનો વેશ વગેરે મૂકી શકાય.[૨૪]

એવું કહેવામાં આવે છે કે આ બધા વેશોના રચયિતા અસાઈત ઠાકર હતા. તેમ છતાં ભવાઈના પૌરાણિક વેશોમાં પણ નરો અને ભવાઈના પેડાનાયકે માણભટ્ટના મોંએથી પુરાણકથાઓ સાંભળી હોય, તેમાંથી તેઓ જાતે વેશને આકાર આપવા મથે છે. વેશની આકૃતિ પરંપરાગત રાખે છે, ગવાણું-નાચણું પણ પરંપરાગત રાખે છે, ક્યાંક ઘટના ઊમેરી દે છે, તો ક્યાંક સંવાદમાં શબ્દ ઉમેરણ કરી લે છે. આમ, તેઓ જાતે જ પાઠ ઊભા કરી દે છે. ભવાઈના વેશોની ભજવણી માટે ભિન્નભિન્ન વિષયો પસંદ કરાયા છે. ભવાઈનો પ્રથમ વેશ તો 'ગણેશદેવા' તો હોય. આ પરિપાટીને આજેય પણ લોકનાટ્યના ભાવુકો અનુસરે છે. જ્યાં ભવાઈ થવાની હોય ત્યાં ભવાઈના

---

૨૪. રૂપરામ, મહીપતરામય. ભવાઈ સંગ્રહ - કર્તા - સંપાદક - દિનકર ભોજન, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ઇ.સ. ૨૦૦૩, પા.નં. ૪૪

વેશ આપવા શરૂ થાય તે પહેલાં દોકડ, કાંસી જોડા કે ઝાંઝ, મંજીરા કે પખાવજ સાથે ભવાઈના પેડાના કેટલાક સભ્યો ટોળે મળીને માતાની સ્તુતિનાં કીર્તન કરે છે અને ભવાઈનું પેડું વેશ પાડવાનું છે તેની વધાઈ માટે ભૂંગળ વાગે છે. ભૂગંળ વગર તો ભવાઈ હોય જ શાની ? આમ, દેવદેવીઓની સાધના-આરાધના બાદ પેડાના નાયક મશાલની જ્યોત પર તેલ રેડીને પટને બાંધતો હોય જેથી રમત માટે જગ્યા નક્કી કરે છે ને તે જગ્યાની અંદર પ્રેક્ષક બેસે નહીં કે પ્રવેશે નહીં, વળી પેડાનો નાયક માતાને વિનવે છે કે ભવાઈમાં ઉતરનાર સૌ ભવૈયા રમત રમતાં હેમખેમ રહે અને ભવૈયાને દેવદેવીમાં શ્રદ્ધા રાખ્યા વગર છૂટકો પણ નથી. ગુજરાતમાં નામના મેળવેલ ભવાઈના પેડાઓ વેશમાં જ્યારે તલવારનો ઉપયોગ કરવાનો આવે છે કે તલવાર સમણવાની હોય છે ત્યારે લાકડાની તલવારનો ઉપયોગ કરતા નથી, પણ ધારદાર અને અણિયારી પાણી પાયેલ શિરોહી તલવાર વાપરે છે. ભવાઈના વેશોમાં માનવ હૈયામાં સ્પંદનો આરઝુઓ અને સુખદુઃખની ઊર્મિઓ ધબકે છે અને લોકસાહિત્ય ધર્મ પણ આ જ છે. ભવાઈ પોતે  લોકનાટ્ય છે.

ભવાઈના બધા વેશોમાં જો કંઈ વિશેષ હોય તો તે સામાજિક વિષયો પર વેશો રચાયા તે છે. એ વિષયોમાંથી કોઈ ઉપદેશ, સાર કે બોધ સમાજને આપવાને બદલે તે વેશો સમાજના આરસારૂપ વધુ છે. બ્રાહ્મણના વેશમાં બ્રાહ્મણના ક્રિયાકાંડ નહીં જાણનાર બ્રાહ્મણને કન્યા નથી મળતી તેથી તેનો જીવ કેવો ઉપર તળે થાય છે તે બતાવ્યું છે. રમૂજમાં પાઠમાંથી સંવાદની ભાષામાં મુકાયેલા શ્લેષ છે. ગ્રામપ્રેક્ષકો એટલા બુદ્ધિશાળી હોય છે કે ભવાઈના પાઠોના આ શ્લેષોને સમજી શકે છે. આ વેશને ભજવવા માટે ઉસ્તાદ, કુશળ અને પ્રવીણ નટ જોઈએ જ. બ્રાહ્મણના વેશમાં, કાલિના વેશમાં, વોરાના વેશમાં, કુંભારના વેશમાં, મુખ્યત્વે હરાયાના વેશનો ભજવનારો ઊતરવાનો, કેમકે ભવાઈમાં પડદા નથી હોતા. તેથી તેમાં અભિનયને પ્રાધાન્ય હોય છે.

બીજું મહત્ત્વનું તત્ત્વ પણ ભવાઈમાં જોવા મળે છે તે છે નૃત્ય. કોઈપણ વેશ આવે તે પહેલાં પખાવજ, નરઘાં, તબલાં અને કાંસા જોડાં વગાડતાં ભવાઈના પટમાં બેઠેલ નાયકને તેના સાથીઓ રાગોડવા મંડે. 'ઝંડો આવ્યો ઝૂલતો રે !'

અને ઝંડો તેની નવી-જૂની પત્નીઓ સાથે થનગનતો, મલપતી ચાલે ઝૂલતો ઝૂલતો પટમાં આવતો દેખાય છે. આજે આ પ્રકારની અભિનયપટુ નટ ભાગ્યે જ જડે છે. પેલી બંને નારીઓ હથમાં રૂમાલોના બે છેડાઓ બંને હાથની આંગળીઓમાં પકડીને માથા પર રૂમાલ-ધનુષ્ય રચી નૃત્ય

કરવા માંડે છે.

**''ભરમો વાલડી ખોદે ને ભજો રામ રામ જીરે ! કે ઝંડો ગાય છે.''**

**'જૂની માગે બાજરી ને નવી માગે ઘઉં**

**બે ધણીઆણીનો ધણી, હું તે ક્યાંથી લાવી દઉં ?'[૨૫]**

આ બધી પંક્તિઓ ગવાયા પછી ભવાઈના નરો નાચતા હોય છે. આમ, સંવાદ, અભિનય, નૃત્ય અને સંગીત એ ચારે અંગોનો સમન્વય ભવાઈમાં થતો હોય છે. તદ્દન મર્યાદિત વેશભૂષા કે પ્રકાશ આયોજનનો ઉપયોગ કરીને ખૂબ જ અસરકારક રીતે આ લોકનાટ્ય ભવાઈ લોકોને મનોરંજનની સાથે સાથે સમાજ-સુધારણાના કાર્યો પણ કરે છે.

**૩.૭.૪ પ્રકીર્ણ લોકસાહિત્ય :-**

**(વરત, ઉખાણાં, કહેવતો અને લોકોક્તિઓ, છંદો, હાલરડાં, જોડકણાં, રમતગીતો)**

ઉત્તર ગુજરાતના લોકસાહિત્યના પ્રકીર્ણ પદ્ય સ્વરૂપોમાં વરત, પદ્યમય કહેવતો, લોકોક્તિઓ, જોડકણાં, ભડલી વાક્યો, વરતારા, રેડી, શ્લોક, છંદ, રમતગીતો વગેરેનો ગણાવી શકાય. તત્કાલીન લોકજીવનની આછી રેખાઓ એમાં સ્પષ્ટ રીતે ઊઠેલી જોવા મળે છે. એમાં લોકોના ગૌરવ, ખુમારી, વાત્સલ્ય, પ્રેમ, વિરહ, બલીદાન, દર્દ, આંસુ, પ્રકૃતિ સાથેના સંબંધ, સહજીવનની સુવાસ, જુદી-જુદી કોમ-જાતિઓની લાક્ષણિકતા, પ્રાદેશિક વિશિષ્ટતાઓ વગેરે તત્ત્વો સરળ, સીધા અને યાદ રહી જાય એટલા ટૂંકા શબ્દોમાં લોકકંઠે રમતા રહ્યા છે. સૂત્રાત્મકતા, સંક્ષિપ્તતા, તીક્ષ્ણતા, તીવ્રતા અને લોકપ્રિયતા જેવા લક્ષણો આ પ્રકીર્ણ લોકસાહિત્ય સ્વરૂપોમાં જળવાતાં આવે છે.[૨૬]

વ્રત શબ્દ સંસ્કૃત ધાતુ 'व्रज' માંથી આવે છે.[૨૭] ક્રિયા થતી બતાવવા માટે 'વ્રજ' શબ્દ વપરાય છે. તેનો વિશિષ્ટ અર્થ 'ને પ્રાપ્ત થવું' તેવો થાય છે.

આપ્ટેના સંસ્કૃત શબ્દકોશમાં નોંધ્યું છે. व्रज - ध जस्य तः આમ, તે શબ્દકોશમાં નોંધ્યા

---

૨૫. રૂપરામ, મહીપતરામય. ભવાઇ સંગ્રહ - કર્તા - સંપાદક - દિનકર ભોજન, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ઇ.સ. ૨૦૦૩, પા.નં. ૪૪

૨૬. રાજ્યગુરુ, ડૉ. નિરંજન. ગુજરાતનો સમૃદ્ધ વાઙ્મય વારસો, પા.નં. ૯

૨૭. આપ્ટે, વી. એસ. સંસ્કૃત શબ્દકોશ, પા.નં. ૯૦૧

પ્રમાણે 'ધાર્મિક ક્રિયા' તે પણ વ્રત કહેવાય છે. આપણા જીવનને ઉન્નત બનાવવા માટે તેમ જ મનને પવિત્ર રાખવા માટે દૈનિક વ્યવહારમાં વ્રતનો અને ઉપવાસનો મહિમા સ્વીકારવામાં આવ્યો છે.[૨૮]

લોકભાષામાં વ્રતને 'વરત' કહે છે. આમાં માત્ર ભાષાકીય ભેદ જોવા મળે છે. વરતના લેનારને પણ આ જ બંધનો સ્વીકારવાના હોય છે. આપણો દેશ ખેતીપ્રધાન હોવાથી લોકો પોતાના થાકને દૂર કરવા માટે પણ આવ વ્રતોત્સવોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે અને આપણા લોકસાહિત્યને જીવંત બનાવ્યું છે. સમાજને પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડવાનું કાર્ય આવા વ્રતો અને ઉત્સવો કરે છે.

તુલસીનું વ્રત, ભાઇબીજનું વ્રત, મેઘરાજાનું વ્રત, ધર્મરાજાનું વ્રત, કોયલ વ્રત, નિર્જનમાસનું વ્રત, એવરત જીવરતનું વ્રત, રાણી રળકાદેનું વ્રત, વીર પસલીનું વ્રત, બોળચોથનું વ્રત, નોળીનોમનું વ્રત, નાગપાંચમનું વ્રત, શીતળા સાતમનું વ્રત, શ્રાવણના સોમવારનું વ્રત, વનડિયાનું વ્રત, ધરો આઠમનું વ્રત, ચોખા-કાજળીનું વ્રત, ભે-બાટશનું વ્રત, ગાય-તુલસીનું વ્રત, ગોકળ આઠમનું વ્રત, શ્રાવણિયા શનિવારની વ્રતકથા, વિજયાદશમીનું વ્રત, દિવાળીના દીવાની વ્રતકથા, પુરુષોત્તમ માસનું વ્રત, સૂરજ-પાંદડુનું વ્રત, ખિલકોડીની વહુનું વ્રત, સાતમનો 'સડદોનું વ્રત, કાંઠાગોર્ય વ્રત', ધણકોને ધણકીનું વ્રત તેમજ બારેમાસ ઊજવાતા અગતાની વાતનું વ્રત, દશામાનું વ્રત, કેવડાત્રીજનું વ્રત વગેરે વ્રતો અને ઉત્સવોએ આપણા સમાજ જીવનમાં લોક સાહિત્યને ધબકતું રાખવાનું કામ કર્યું છે.

લોકસાહિત્યનું અને લોકસંસ્કૃતિનું સાચું ઘરેણું લોકજીવનની લોક કહેવતો છે. શક્ય એટલા ઓછા શબ્દોમાં માર્મિકતાથી સત્ય રજૂ કરનારું વાક્ય એટલે કહેવત. જગતની કોઈ પણ ભાષા એવી નહીં હોય કે જેમાં કહેવતો ન હોય ! કહેવતોમાં પ્રજાનું ડહાપણ, સમજ અને કોઠાસૂઝ પડેલાં છે. કહેવતો, ઓઠાં, ઉખાણા મોટેભાગે જનવાણીની નીપજ હોય છે. લોકસંસ્કૃતિની કેટલીક કહેવતો સમાજમાં શાણા લોકોના જીવનભરના તટસ્થ અવલોકનના નિચોડરૂપ હોય છે અને પ્રજાને નરવું માર્ગદર્શન પૂરું પાડે છે. કહેવતોનું વર્ગીકરણ અનેક રીતે થયેલું છે. જેમકે - માનવીય સંબંધોની કહેવતો, ભાઈ-બહેનના સંબંધોની કહેવતો, દીકરી વિષયક કહેવતો, પતિ-પત્નીનાં સંબંધો સૂચવતી કહેવતો વગેરે છે.

---

૨૮. વ્રતરાજ નિવેદન, પૃ. ૩ (આવૃત્તિ - ૧)

એ જ રીતે દુહાનું સ્થાન પણ લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિની પરંપરામાં અનેરું છે. આપણી ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહર સમા લોકસાહિત્ય અને ચારણી સાહિત્યના દુહા આપણા ખમીર અને ખાનદાનને, આપણી શૂરવીરતાને, આપણી સંસ્કારિતાને ઉજાગર કરે છે, એટલું જ નહીં આજે પણ દુહાએ પ્રેમ, શૌર્ય અને સંસ્કારનું સિંચન, જતન અને સંવર્ધન કરે છે.

સંસ્કૃત સાહિત્યમાં 'મુક્તક'નો વ્યાપક છંદ જેમ 'અનુષ્ટુપ' છે તેમ પ્રાકૃત ભાષાનો તેમજ પ્રાદેશિક ભાષાઓનો વ્યાપક છંદ દુહો છે. હેમચંદ્રાચાર્યે ૧૨મી સદીના અંતભાંગમાં 'સિદ્ધહેમ' નામના વ્યાકરણગ્રંથમાં દુહાઓ આપ્યા છે. રાણકદેવીના દુહા, લાખા ફુલાણીના દુહા, ઓઢા-હોથલના દુહા, ઢોલા-મારુના દુહા વગેરે દરેક યુગે લોકહૃદયને આર્કષતા રહ્યા છે.[૨૯]

સહજમાં સહળ બાળપ્રવૃત્તિ તે રમતની, ભાષાની પ્રાપ્તિ પણ આવી રમતથી થાય : અનુકરણની રમત, અવાજોની રમત, લયની રકમ અને મુખવગું રમકડું છે. એ જ બાળકને સાહિત્યમાં પાપા-પગલી મંડાવે છે. જેને આપણે કહીએ છીએ 'જોડકણું'. એ 'જોડી કાઢેલી' કૃત્રિમ વસ્તુ છે જ નહિ, એ છે કેવળ લયલીલા. અંગ્રેજીમાં કહે છે 'Mother Goose'[૩૦]

**કોના માથે અગલું બેઠું**

**બગલું બેઠું**

**ગામનું ગધાડું બેઠું ?**

**આ ગોધલો કોનો ?**

*

**ત્રણ મીઠું ક્યાં ઊતારું ?**[૩૧]

આવી શિશુ રમતોનો પાર નથી. અંકો-ઋતુઓ વગેરેની વિગતોવાળા લયકણાં હોય 'આવરે વરસાદ, ઘેબરીયો પરસાદ...', જીભથોથણાં (રંગ રિવસ્ટર્સ) હોય - 'કાકા કાચો પાપડ ખાય, કાકા પાકો પાપડ ખાય' ઝડપથી બોલવાની રમતો હોય 'વારતા રે વારતા / ભાભો ઢોરાં ચારતાં' ક્યારેક

૨૯. 'ગુજરાતી લોકસાહિત્યમાળા' મણકો-૧, સંપાદક - ગુજરાત લોકસાહિત્ય સમિતિ

૩૦. જાની, શ્રી કનુભાઈ. લોકવાઙ્મય - પા.નં. ૧૪૨

૩૧. જાની, શ્રી કનુભાઈ. લોકવાઙ્મય - પા.નં. ૧૪૨

સંવાદાત્મક કે નાટ્યાત્મક પણ હોય – 'ડોસીમા, ડોસીમા ! ક્યાં ગ્યાં તા ? છાણાં વીણવાં' વગેરે. યાદીને હજી ઘણી લાંબી કરી શકાય છે.

લોકવાણીની તાકાત પૂરી ત્રેવડથી કહેવતો-વરતો, ઉખાણાં કે લોકોક્તિઓમાં શબ્દબદ્ધ થયેલી જોવા મળે છે. માનવીના જીવનનો જીવન-અનુભવોનો નીચોડ એમાં સંગ્રહાયેલો દેખાય છે. ઘણું કરીને એ જ પંક્તિમાં શક્ય એટલા લાઘવથી લયાત્મક શબ્દોમાં રોજબરોજના જીવનમાં અનુભવતા કડવા-મીઠા તમામ અનુભવોનું ભાથું એમાં સચવાયું હોવાને કારણે લોકજીવનના અભ્યાસીઓ માટે લોકસાહિત્યના અન્ય મંત્રોની માફક આ પ્રકીર્ણ લોકસાહિત્ય પ્રકારો પણ એટલા જ મહત્ત્વપૂર્ણ બની રહે છે.

**૩.૭.૫ લોકનૃત્ય :-**

લોકનૃત્યને આદિવાસી નૃત્યનું સંવર્ધિત સ્વરૂપ છે. લોકનૃત્ય શીખવા માટે કોઈપણ જાતની ખાસ તાલીમ લેવી પડતી નથી. લોકો અનુકરણ કે સંસ્કારથી શીખે છે. લોકનૃત્યમાં સમૂહમાં સહુ ભેગા થઈ એક સરખી ક્રિયા કરવા પ્રયત્ન કરે છે. લોકનૃત્ય શરીરના સાદા હલનચલનથી અને પ્રાકૃતિક જોમ તથા જોશથી ઘડાયેલું છે.[૩૨]

ગુજરાતની નૃત્યકળાના મૂળ કેટલાં ઊંડા છે તેનો નિર્ણય તો કચ્છમાંથી મળી આવેલા મોહેં-જો-દડોના યુગની સંસ્કૃતિના અવશેષોના અભ્યાસ પછી જ જાણી શકાય. આ અવશેષોમાં નર્તન કરતી એક સ્ત્રીનું કાંસ્ય શિલ્પ જોવા મળે છે. પછીના યુગના સાહિત્યમાં નર્તન કલા ઘણા વિકસિત સ્વરૂપમાં હતી. જેને કેટલાક મહાભારતનો જ એક ભાગ માને છે. હરિવંશ પુરાણામાં શ્રીકૃષ્ણની છાલિક્ય-ક્રીડાનું વર્ણન મળે છે. તેમાં વિવિધ રાગોમાં ગવાતાં ગીત, નર્તન અને ભિન્નભિન્ન પ્રકારના વીણા, વંશ જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ છાલિક્ય ક્રીડામાં ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓને નૃત્ય દ્વારા અભિનીત કરવામાં આવી હતી. આ અભિનય રંભા જેવી સ્વર્ગની નૃત્યાંગનાએ ભિન્ન ભિન્ન રાગો અને તાલો સાથે કર્યો હતો. પછી શ્રીકૃષ્ણ પોતે હાથમાં વંશ લઈને 'હસ્સીલક' નર્તન કરી બતાવ્યું.

૩૨. પારધી ડૉ. જીવરાજ અને દેશાળી, પ્રા. પ્રવીણ. લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ વિમર્શ, સંપાદક – પૃ. ૧૨

આ ઉપરાંત, ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં વર્ણવેલા ૧૦૮ નૃત્યકરણોમાંથી ઊતરી આવેલી નૃત્યકલા મોઢેરા, રાણકી વાવ અને જૈન દેરાસરોમાં જોવા મળે છે. દેલવાડાના જૈન દેરાસરમાં વસ્તુપાળના સભામંડપની છતમાં ૧૦૮ કરણો કોતરેલાં દેખાય છે. વળી, હેમચન્દ્રાચાર્યે પોતાના 'કાવ્યાનુશાસન'માં કેટલાક ગેય 'રૂપકો'નું વર્ણન કરેલું છે. આ ગેય રૂપકોમાં નૃત્યનું સ્થાન હતું જ. તેમાં 'દેશી' નૃત્ય દ્વારા અભિનય પ્રકાશિત થતો હતો. આ ઉપરાંત જૈન મુનિએ રચેલા 'રાસ' સાહિત્યમાં પણ 'તાલરાસક' અને 'લકુટારાસક' જેવી તાલી વગાડીને અને નાના દંડથી રખાતા અને નર્તાતા પ્રકારોનો ઉલ્લેખ જોવા મળે છે. તેરમી સદી પહેલાનો ભવાઇ નાટ્યપ્રકાર હજુય જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતો જોવા મળે છે.

ગુજરાતમાં લોકનૃત્યના ગરબા, ગોફગૂંથણ, રાસડા, લખાણી નૃત્ય, પઢારનૃત્ય, માંડવીનૃત્ય, જાગનૃત્ય, રૂમાલનૃત્ય, ગરબી, હાલી નૃત્ય, માછલી નૃત્ય, થાળી નૃત્ય વગેરે જેવા વિવિધ પ્રકારો છે.

**૩.૭.૫.૧ ગરબો :-**



**૩.૨૯ પ્રાચીન ગ્રામ્ય ગરબો**

ગરબો ગુજરાતના લોકનૃત્યોનો વિશિષ્ટ અને ખૂબ જાણીતો પ્રકાર છે. 'ગરબો' શબ્દ 'ગર્ભદીપ' ઉપરથી બન્યો હશે. કૃષ્ણના હલ્લીસકમાં ઉષાનું લાસ્ય, ઉત્તરાનું ગાંધર્વ ગાન-નર્તન અને અર્જુનના ગાંધર્વગાન સાથે મણિપુરી નૃત્યનો મેળ સધાયો છે એમ કેટલાક માને છે. ગુજરાતમાં શક્તિપૂજા વિશેષ પ્રચલિત થઇ ત્યારથી ગરબો વધારે લોકપ્રિય થયો હશે.

ગરબામાં માટલીમાં છિદ્રો રાખીને દીવો ગોઠવવામાં આવે છે. આ ગરબાને માથા ઉપર લઇને નવરાત્રિમાં સ્ત્રીઓ આદ્યશક્તિ અંબિકા, બહુચરા વગેરેના ગરબા ગાય છે. ગરબામાં ગોળાકારમાં ઊભા રહીને ચપટી કે તાળીનો ઉપયોગ કરી બહેનો વર્તુળમાં ફરતી હોય છે. એક

બહેન ગવડાવે છે અને અન્ય બહેનો તે ગીત ઝૂલે છે. ખંજરી, મંજીરાના તાલ સાથે દીવાવાળી થાળી હાથમાં લઈ કે ઘડો અથવા ગરબો માથે મૂકીને નૃત્ય કરાય છે. નવરાત્રિ અને શુભપ્રસંગોમાં પણ આ નૃત્ય થાય છે.

**૩.૭.૫.૨ હિંચ :-**

હિંચ રમવાની ગતિ હિંચકાના ફંગોળવા જેવી હોય છે. ડોલાયમાન હિંચકો ઘડીકમાં આગળ-પાછળ અથવા ડાબે-જમણે જાય, તેવી જ રીતે સ્ત્રી એક પગ પર ડાબી બાજુ અને જમણી બાજુ લંગડી કરતા હોય તેમ એક પગના તાલે અને ઠેકે-તાલીઓના તાલે નર્તન કરતી હોય છે. હીંચમાં ગતિ અને આવેગ વધુ હોવાથી અંગડોલન ખૂબ સુંદર રીતે કળામય બને છે.[૩૩]

**૩.૭.૫.૩ ગરબી :-**

ગરબી એ પુરુષોનું નૃત્ય છે. નવરાત્રિમાં સાતમ અને આઠમના દિવસે પુરુષો જ્યારે ગરબી ગાય છે. ત્યારે વચ્ચે હિંચ તાલ પ્રયોજવામાં આવે છે. ગરબીમાં જ્યારે આવો હિંચ તાલ આવે ત્યારે તેવી ગરબીને 'આઠિયો' કહે છે.[૩૪] આવી ગરબીમાં હિંચતાલ વગાડતાની સાથે જ ગરબીમાં રમનારા પુરુષો ચાર-ચારમાં ગોળાકાર કે ચોરસમાં અથવા સામસામે એમ ઢંગલો થઈને ઢોલના તાલ પર તાલીઓ પાડતા પાડતા હિંચ લે છે. કૂદરકી ફરીને બેસતાની સાથે જ લયબદ્ધ રીતે ઊભા થઈને ફરી પાછા તાલીઓથી ગરબી રમવા લાગે છે.

**૩.૭.૫.૪ રાસ :-**



3.30 રાસ

લકુટા રાસકમાંથી ઊતરી આવતો આ રાસ પ્રકાર ગુજરાત અને ગુજરાતની બહાર વ્યાપક રીતે વિસ્તરેલો લોકનૃત્યનો એક પ્રકાર છે. ગરબા સાથે ખૂબ ઘનિષ્ટતાથી સંકળાયેલો કોઈ

---

૩૩. પરમાર, શ્રી ખોડીદાસ. 'રાસડાનો રંગ' પા.નં. ૧૭

૩૪. પરમાર, શ્રી ખોડીદાસ. 'રાસડાનો રંગ' પા.નં. ૧૭

શબ્દ હોય તો તે છે રાસ. રાસ મોટેભાગે પુરુષો રમે છે. જોકે હાલમાં ગુજરાતમાં એકલા પુરુષો, એકલી સ્ત્રીઓ અથવા તો સ્ત્રી-પુરુષો સાથે રાસ રમતા જોવા મળે છે. એકલી સ્ત્રીઓ જે રાસ રમે છે તેને રાસડો કહે છે. દાંડિયા વગરના રાસમાં પગના ઠેકા, હાથના હિલોળા અને અંગમરોડ હોય છે. આ રાસ જ્યારે દ્રુતગતિમાં આવે છે ત્યારે વેગભેર અંગડોલન સાથે શરીર ફંગોળે છે અને કુદરડીઓ પણ નાચે છે. ગુચ્છના આકાર બનાવે છે, બેઠક બનાવે છે, દ્રુત ગતિ પૂરી થતા જ ચલનમાં વિલંબિત તાલે રાસ લે છે. દાંડીયા સાથેના રાસમાં દાંડિયા સાદી લાકડીના સંઘાડે ઉતરાયેલા, લાખથી ભરેલા, મોતી ભરેલા, રૂમાલવાળા કે પછી રૂપા કે પીત્તળના ચોક્કસ માપના અને ચોક્કસ જાડાઈના જોવા મળે છે.[૩૫]

દાંડિયા રાસમાં દોઢિયા, પાંચિયા, સાતિયા, આડિયા, બારિયા લેવાય છે. ગોફ ગૂંથનમાં અઠંગો અને સોળંગો લેવાય છે. એમાં એક પાદ અથવા દ્વિપાદ ચલનના વૈવિધ્ય પણ પ્રાગટ્ય થાય છે. રાસ રમવાની વિવિધ પ્રચલીત રીતો માટે, ઓળખ માટે ચોક્કસ નામકરણ થયેલું જોવા મળતું નથી.

***　પઢારાનું રાસનૃત્ય :-**



**૩.૩૧ પઢારા રાસનૃત્ય**

સમાન વેગ, સમાન અંગભંગ, સમાન ગતિ અને સમાન સ્ફૂર્તિ એ પઢારા રાસની વિશિષ્ટ લાક્ષણિકતાઓ છે. આ રાસમાં લયબદ્ધ રીતે દ્રુત ગતિમાં સંકળાય છે. મંજીરા રાસ પણ આ કોમનું આગવું નૃત્ય છે.

***　કોળી કોમનું રાસનૃત્ય :-**

ગજબની સ્ફૂર્તિ એ જ આ કોમના રાસની વિશિષ્ટતા છે. રાસ રમતી વખતે હાથમાં છત્રી,

૩૫.　પરમાર, શ્રી જયમલ્લ. આપણી લોકસંસ્કૃતિ, પા.નં. ૮૯

રૂમાલ વગેરે રાખે છે. ખૂબ જ સ્ફૂર્તિથી લયબદ્ધ રીતે જ રચાતા આકારો અને દાંડિયા દ્વારા કરતા આઘાતોમાં જે સ્ફૂર્તિ છે તે એક પ્રવાહિતા બક્ષે છે.

***   ભરવાડોનો રાસ :-**



**૩.૩૨ ભરવાડ રાસનૃત્ય**

આ રાસનૃત્યમાં રાસ લેતી વખતે બંકી છટા, તીરછા પગ મૂકવાની - નાખવાની વિશિષ્ટતામાં રહેલી છે. ભરવાડો અને ભારવાડણો દ્વારા લેવાતા રાસમાં એક સ્ત્રી એક પુરુષ એમ ત્રીસથી સાંઇઠ સુધીની સંખ્યા હોય છે. આ રાસમાં ગતિનું મહત્ત્વ નથી, પગના ઠેઠાનો તાલ, અંગડોલન, હાથના હિલોળા મુખ્ય હોય છે. સ્ત્રી-પુરુષ સામસામે આવીને તાલી દેતું હોય છે.

**૩.૭.૫.૫   રાસડા :-**

રાસડાને રાહડા તરીકે પણ ઓળખાય છે. જે હરિવંશમાં ઉલ્લેખાયેલો પારંપરિક પ્રકાર છે. રાસડો એ નારી સહજ દશ્ય આરભટી ગેયનૃત્ય છે. પ્રાકૃત-અપભ્રંશ અને જૂની ગુજરાતી તેમજ દેશી બોલી જે રાસડાની કૃતિમાં આવતી લાક્ષણિકતા છે. સ્ત્રીઓ વર્તુળાકારે ઘૂમીને ગીત સાથે એકી તાને તાલીઓ સાથે રાસડા છે. રાસડા સ્ત્રીઓ દ્વારા જ રમાતો હોઈ લાસક અને નારી સહજભાવોને અભિવ્યક્ત કરતો નૃત્ય પ્રકાર છે.

રાસડો ગાવાના / રમવાના બે પ્રકારો છે.

(૧) ફરતા ફરતા ગવાતો / રમાતો રાસડો

(૨) ઊભા ઊભા ગવાતો રાસડો

ફરતા ફરતા ગાવાના રાસડામાં તેમ્રલી ગીત, જોબનનું જોમ અને પડાતા પડછંદતાનો રૂદ્રલય જામે છે. એકી સાથે ચાર-પાંચ રાસડા રમી નાખ્યા પછી પોરો ખાવા વચ્ચે ઊભા ઊભા

ગાવાના એક સાથે બે રાસડા ગાઈ નાખે છે.[૩૬]

ઊભા ઊભા ગવાતા / રમાતા રાસડામાં લાંબા હાથે એક તાલી પાડીને ગવાય છે. રંગમંચ રજૂ કરાતા ગરબાઓમાં વર્તુળાકારે ફરતા ફરતા વચ્ચે ઊભા રહી જવાની મુદ્રા - તે આ ઊભા ઊભા ગાવાના રાસડાની દેણ છે. ભરવાડ અને કોળી કોમના સ્ત્રી-પુરુષો સાથે રાસડા લે છે. એકના એક રાસડા જુદી-જુદી કોમોમાં જુદા-જુદા ઢાળે, ક્યારેક ફોક શબ્દમાં ફેરફાર સાથે જોવામાં આવે છે.[૩૭]

રાસડામાં ગવાતી વિવિધ કથાવસ્તુઓ વાળી રચનાઓ આજે ઠેર-ઠેર ગરબામાં ગવાતી સાંભળવા મળે છે.

કજોડાનો ગરબો :

**'ગોરમા' ગણપત લાગુ પાય કે વિધાતાને વિનવું રે લોલ**

**ગોરમા ! ઘરડો શો ભરથાટ કે આપ્યો મુજને રે લોલ.**

* બાળ-લીલાનો ગરબો
* રાધાજીના એકાદશી વ્રતના ગરબા
* આંખ-મીંચામણાનો ગરબો
* રાધા-માધવ નેણનો ગરબો
* વ્રજ વિરહનો ગરબો
* સત્યભામાનો ગરબો

આમ, રાસડામાં ગવાતી કૃતિઓમાં અને ગરબામાં ગવાતી રચનાઓ ખૂબ-ખૂબ મળતી આવે છે. રાસડામાં કૃષ્ણભક્તિથી માંડીને દરબારોના ગુણગાન ગવાય છે.[૩૮]

**૩.૭.૫.૬ હમચી :-**

ભાણા ભગવતી સૂર્ય રાંદલમાતાને પૂજનારા મૈત્રક, શક, હણ વગેરે પરદેશીઓ હતા. આ પ્રજાના વાહનો ઘોડો હતો. વાહન-ઘોડો જે રીતે ધરતી ખૂંદતા-પડઘી પાડતા તે રીતે પરંપરાથી પશુના ચાળારૂપે સ્ત્રીઓ કુદતી-હમચી ખૂંદતી. આ પરથી રાંદલ તેડે. તેના જાત્ર સામે પણ લાકડી કે સાંબલું લઈને સ્ત્રીઓ હમચી ખૂંદે છે. તેને રાંદલનો ઘોડો કહે છે. જાગરણ કે જાગ વખતે તાબોલા પાડતા પાડતા અને કુદકા મારીને હમચી નામક નૃત્ય સ્ત્રીઓ દ્વારા રમાતું સંધી

---

૩૬. પરમાર, શ્રી ખોડીદાસ. રાસડાનો રંગ, પા.નં. ૫

૩૭. પરમાર, શ્રી જયમલ્લ. આપણી લોકસંસ્કૃતિ, પા.નં. ૯૧,૯૨,૯૩

૩૮. ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાસો, પ્રકાશક - શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, પા.નં. ૩૪૨

નૃત્ય છે. આ હમચી પણ હલ્લિસકમાંથી ઊતરી આવેલું નૃત્ય છે.[૩૯]

### ૩.૭.૫.૭ ટીટોડો :-

ટીટોડો દશ્ય નૃત છે. ટીટોડી પંખીના હલન-ચલન વગેરેની પ્રક્રિયામાંથી ઉદ્‌ભવેલું નૃત્ય પ્રકાર છે. ઊતાવળા પગે ચાલી થોડીવાર ઊભા રહી જઇ, વળી પાછું ઊતાવળા પગે ચાલવાનું હોય છે. આ ચલન વખતે એક પગ આગળ અને બીજો પગ પાછળ મૂકતા મૂકતા ડોકને રમણીય ગતિ અને મરોડ અપાય છે. સાથે સાથે કોણી આગળથી એક હાથ ઊચો કરી ઊંચા થયેલા હાથની કોણી નીચે બીજા હાથની હથેળી મૂકીને પગ અને હાથને વારાફરતી તાલબદ્ધ રીતે બદલાતા બદલાતા કતારોમાં સામસામે ગતિમાં આ નૃત્ય રમાય છે.

### ૩.૭.૫.૮ મટુકી નૃત્ય :-

આ નૃત્યને વિવિધ નામથી ઓળખાવામાં આવે છે. જેવાકે - તામડી નૃત્ય, ગાગર નૃત્ય, બેડા રાસ.... વગેરે. કચ્છમાં આયર સ્ત્રીઓ માટીની તાડી પર હાથના કરડા મારીને તાડી અને હાથ હિલોળીને તાલબદ્ધ રીતે રમે છે. તાલબદ્ધ રીતે એક સાથે એકસરખી જ તામડીઓને હવામાં ફંગોળવી અને હાથને પણ હીલોળવા, તામડી નીચે ના પડી જાય તેનું પણ ધ્યાન રાખવાનું અને તાલ પ્રમાણે ગતિ વધારતા વધારતા રમાતા આ નૃત્યમાંનું કલાતત્ત્વ મનોરમ્ય બને છે. આને સ્ત્રીઓ મટકી રાસ પણ કહે છે. આ નૃત્ય પ્રકાર સૌરાષ્ટ્રની સાથે-સાથે પૂરા ગુજરાતમાં રમાતો જોવા મળે છે.

### ૩.૭.૫.૯ હાલીનૃત્ય :-

આ નૃત્ય સૂરત જિલ્લાના દૂબળા આદિવાસીઓ કરે છે. એક પુરુષ અને એક સ્ત્રી ગોળાકાર ગોઠવાઈને કમ્મર ઉપર હાથ રાખીને નાચે છે. સાથે ઢોલ અને થાળી વગાડતાં હોય છે. તૂર વાદ્યનો આ નૃત્યમાં પ્રયોગ થાય છે.

### ૩.૭.૫.૧૦ ટિપ્પણી નૃત્ય :-



૩.૩૩ ટિપ્પણી નૃત્ય

૩૯. પરમાર, શ્રી ખોડીદાસ. રાસડાનો રંગ - પા.નં. ૧૫

સૌરાષ્ટ્રના ચોરવાડની કોળી સ્ત્રીઓનું અને વેરાવળની ખારવણ સ્ત્રીઓ 'ટિપ્પણી' એક એવી લાકડી છે, જેની નીચેના છેડા પર વજનવાળો ચોરસ અથવા ગોળાકાર લાકડાનો કકડો લગાડેલો હોય છે. મજૂર સ્ત્રીઓ કામ કરતી વખતે ઢોલની સાથે ગાઈ તાલબદ્ધ રીતે પોતાની ટિપ્પણી પછાડતા આ નૃત્ય કરે છે.

**૩.૭.૫.૧૧ પઢારનૃત્ય :-**

તળકાંઠાના પઢારોના નૃત્યમાં દરિયાકાંઠાના વસનારની અસરો અને વાતાવરણ જોવા મળે છે. આ લોકો મંજીરાં લઈને ગોળાકારમાં નૃત્ય કરતા હોય છે. પગ પહોળો કરીને હલેસા મારતા હોય છે કે અર્ધા બેસીને અર્ધા સૂઈને નૃત્યની વિવિધ મુદ્રાઓ કરે છે. સાથે એકતારો, તબલાં, બગસિયું અને મોટાં મંજીરા વગાડતા હોય છે.

**૩.૭.૫.૧૨ માંડવી અને જાગનૃત્ય :-**

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં નવરાત્રિના સોજા, મહેરવાડા, રૂપાલ વગેરે સ્થળોએ તથા અમદાવાદમાં ઠાકરડા, પાટીદાર, રાજપૂત વગેરે કોમોની બહેનો સાથે માંડવી કે જાગ મૂકીને આ નૃત્ય કરે છે. એક બહેન ગવડાવે છે અને બીજી બહેનો માથે માંડવી મૂકીને સાથે હાથમાં તાળી આપી નૃત્ય કરે છે.

**૩.૭.૫.૧૩ રૂમાલનૃત્ય :-**

મહેસાણા જિલ્લાના ઠાકોરોમાં આ નૃત્ય પ્રચલિત છે. પુરુષો હાથમાં રૂમાલ રાખીને નાચતા હોય છે. મહેસાણા જિલ્લામાં હોળી તથા મેળાના પ્રસંગે આ નૃત્ય કરતા હોય છે. ઘોડા કે અન્ય પશુનું મ્હોરું પહેરીને પણ આ નૃત્ય કરાય છે. રાજસ્થાનની અસર મહેસાણા અને પાટણ જિલ્લામાં જોવા મળે છે. તેથી આ નૃત્ય આ સ્થળોએ જોવા મળે છે.

**૩.૭.૫.૧૪ કોળીઓનું નૃત્ય :-**



**૩.૩૪ કોળી નૃત્ય**

પઢારો જેવું જોમ ધરાવતા કોળીઓમાં નૃત્યમાં જળકાંઠાના સંસ્કાર નથી. કોળીઓ ઉત્સવ ટાણે આંખમાં સૂરમો, માથે લાલ મધરાસિયો, આંટીવાળી ગોળ પાઘડી અને કેડે રંગીન ભોટ, હાથમાં બબ્બે છત્રીઓ ઝુલાવતો જાય અને નૃત્યમાં સામેલ થતો જાય. આ કોળીઓનું રંગીલાપણું જોવું હોય તો તરણેતરના મેળામાં જોવા મળે છે. આ મેળો કોળીઓનો જ મનાય છે.

**૩.૭.૫.૧૫ ડાંગી નૃત્ય :-**



**૩.૩૫ ડાંગી નૃત્ય**

**૩.૭.૫.૧૬ મેરનું નૃત્ય :-**

મેર જાતિનું નૃત્ય લડાયક, ખમીર અને આકર્ષક બાહુબળ વાળું છતાં નિરાળું છે. ઢોલ અને શરણાઈ પણ એમનાં શૂરાતનને બિરદાવતા હોય તેમ લાગે છે.

પૂર્વ ગુજરાતનો આખો ઊભો પટ આદિવાસી વિસ્તાર છે. ઉપર સાબરકાંઠા વિસ્તાર વચ્ચે પંચમહાલ વિસ્તાર અને નીચે છેડે ડાંગ વિસ્તાર પણ એ આદિવાસી લોકોની લોકસંસ્કૃતિ, રીત રસમ નોખીને અનોખી ડાંગી નૃત્યો 'ચાળા' તરીકે ઓળખાય છે. 'માળીનો ચાળો', 'કાક્યો ચાળો' વગેરે ડાંગી નૃત્યના ૨૭ જાતના તાલો છે.[૪૦]

આમ, લોકનૃત્યો એ લોકસંસ્કૃતિની નીપજ છે. લોકનૃત્ય એ જીવનના વ્યવહાર અને ઘરાનાઓના પ્રબળ ભાવમાંથી એનું સર્જન થાય છે. લોકનૃત્યમાં અસંખ્યાત વૈવિધ્યના મૂળમાં તો ભારતની સાંસ્કૃતિક એકતા પડી છે. લોકનૃત્યો એ લોકસંસ્કૃતિને ધબકતું રાખે છે.

---

૪૦. વાઘેલા, શ્રી નરધણસિંહ. રૂબરૂ મુલાકાત, હારીજ, જિ. પાટણ.